Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 22 - Issue : 06

March, 2018



(અનુષ્ટુપ)

ખાલી ખાલી નકામા તે, સદ્‌ગુરુ કરવાતણો
-જીવનમાં રહેતો ના, કશો અર્થ મહત્ત્વનો,
સદ્‌ગુરુ જો કરેલા છે, કિંતુ દિનચર્યા વિશે
-જેની યાદ ન જાગે છે, મિથ્યા કર્યા પ્રમાણજે.

કદીક યાદ જાગે છે, કિંતુ જેમાં ન પ્રાણ છે,
ને તેવી યાદમાં ઊંડી, ઉષ્મા લાગણી ન છે,
સદ્‌ગુરુ દિલ તાદૃશ, જે યાદે કૈં થતા ન છે,
તો તેવી યાદ મિથ્યા છે, શ્રેયદાયી ન જીવને.

શ્રીમોટા

'શ્રીસદ્‌ગુરુ' પ્ર. આ.



શ્રીનથ્થુરામ શર્મા(મગરમચ્છ)ડાકોરવાળા

(અનુષ્ટુપ)

જે જે મળેલ તે સૌને, તેમને તેમની રીતે
-ચેતનાનિષ્ઠ તો સૌને, ચાહ્યા શો કરતો જ છે !
કિંતુ સંસારી શા લોક, ચાહવું દૂર તો રહ્યું !
-ને ઉપરથી માટીના, લોંદા નાખ્યા કરે બહુ.

સદ્‌ગુરુને સ્વરૂપો છે, અનેકાનેક જીવને,
છતાં સ્વરૂપ કોઈએ, સદ્‌ગુરુને ન હોય છે.
અનંતાનંત સંપૂર્ણ, શો નિરાકાર મૂળ છે !
એકીસંગાથ શો પાછો, વળી સાકાર બ્રહ્મ તે !

શ્રીમોટા

'શ્રીસદ્‌ગુરુ' પ્ર. આ.

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૨    અંક : ૬    માર્ચ, ૨૦૧૮

## અનુક્રમ

૧. પ્રભુ વિના ક્યાંય પ્રીતડી ન બાંધો ............... શ્રીમોટા ૪
૨. સૂવા સમયની સાવધાની ............. રાફવાલ્ડો ટ્રાઈન, ...............................અનુ. મણિલાલ દોશી ૫
૩. શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ............ ........................... સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૬
૪. ગુરુના ગુણનો નહિ પાર !......... પ્રતાપભાઈ ઉપાધ્યાય ૭
૫. અહંતાથી મોકળાશ ........................... શ્રીમોટા ૮
૬. ત્રિમદમર્દન ........................... ભગવાન બુદ્ધ ૯
૭. શ્રી નંદુભાઈ સાથેની મારી સ્મૃતિ .......... બાબુ સરકાર ૧૧
૮. પદ્ય પ્રસાદી ................................. શ્રીમોટા ૧૩
૯. પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ ... સંકલન ૧૪
૧૦. એકદિલી વ્યવહાર ..................... શ્રીરંગ અવધૂત ૧૬
૧૧. પૂજ્ય શ્રીમોટા પ્રત્યે મારું ભાવસ્ફુરણ ........ એક સ્વજન ૧૮
૧૨. હું પરિપૂર્તિ કરવા આવ્યો છું ...................... ઈસુ ૨૦
૧૩. ભૂલ કો સમજો ............. શ્રીરણછોડદાસજી મહારાજ ૨૩
૧૪. ગૃહસ્થી જીવન ...................... સ્વામી વિવેકાનંદ ૨૫

### સહયોગ

**પૂજ્ય શ્રીમોટાના ૮૦મા સાક્ષાત્કાર દિન - રામનવમી મહોત્સવના યજમાન શ્રી કમળાબહેન ત્રિભોવનદાસ જોષી પરિવાર રહે. ચલથાણ (સુરત) તરફથી આ અંકના પ્રકાશન માટે સહયોગ અપાયો છે, તે બદલ એ પરિવારના અમો ઘણા ઘણા આભારી છીએ.**

**- સંપાદક**

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## (૧) પ્રભુ વિના ક્યાંય પ્રીતડી ન બાંધો

શ્રીમોટા

ભગવાનની ભક્તિમાં લીન થઈ જવાય તો બેડો પાર થઈ જાય. એવી લગની લાગી શકે તેવી શક્તિ તારામાં (એક સ્વજન પુષ્પાબહેન દલાલ - સં.) છે. જે કોઈ જીવ બીજા જીવસ્વભાવની કક્ષામાં આટલી બધી લાગણીથી તેની સાથે એક મન થઈ જાય છે અને તેના વિચારોમાં તણાયા કરે છે અને તેવે વખતે ખાવાનું પણ ના ભાવતું હોય કે ઊંઘ પણ ના આવતી હોય - એવો જીવ જો બીજા તરફનો પલટો લઈ લે, તો તે દિશામાં પણ તે તે પ્રકારે વર્તી શકે. અમારે તો જયાં ત્યાં સામગ્રી જોઈએ છે. તે સામગ્રી તારામાં છે. તેના સાચા ઉપયોગની દિશાનું જ્ઞાનભાન તને પૂરું જાગ્યું નથી તે હજી મોટી ખાટલે ખોડ છે. પ્રભુકૃપાથી અમારે તે ભાન તને જગાડવું છે, પરંતુ અમે કોણ ? અમારાથી થાય તેવું કશું નથી. તારામાં તે અંગેની ઉત્કટ જિજ્ઞાસા, ધગશ અને તમન્ના પૂરેપૂરી જાગેલી હોય તો વળી કંઈક બને. પ્રભુ તને એવી સદ્‌બુદ્ધિ આપો એ જ પ્રાર્થના.

બધી ઘડભાંજમાંથી તારા મનને તું ખેસવી લે, તે ઘણું જરૂરનું છે. જે કોઈ વ્યક્તિનું આપણે ભાગે જે કંઈ કામ આવે, તે પ્રભુપ્રીત્યર્થે કરી દેવું અને પછીથી મનમાં ખાલીખમ રહેવાય તેવી સ્થિતિ રાખવી, તે આપણા માટે યોગ્ય છે. તું હજારોવાર ના કહે અને બીજું ગમે તે કહે તોપણ અમે જે...બહેન અંગે લખ્યું છે, તે તારે વિચારવા જેવું છે. અમે તે જીવને ઓળખતા કે જાણતા નથી, તેમ છતાં જે લખ્યું છે તે યથાર્થ છે અને તારે તે વિશે કશી મનમાં ઘડભાંજ ના થવા દેવી એવી અમારી વિનંતી છે. તારે લગન એ જીવ સાથે કરવાનાં નથી. તારે લગન તો શ્રીભગવાનનાં શ્રીચરણકમળ સાથે કરવાનાં છે. જેની સાથે લગન કરવાનાં હોય તેની સાથે પ્રેમ જોડવો તે યથાર્થ છે. ભગવાન તો કહે, ‘તારે મારી સાથે લગન કરવું છે અને મને તો માત્ર નહિ જેવું જ ચિંતવે છે ! મારે જેની સાથે કંઈ જ સંબંધ નથી એવાં એવાંઓને તું ઘણું વિચારે, રાતની રાતો એ જીવના વિચારોમાં કાઢી નાખે અને મારી તો તને કંઈ જ પડી નથી ! તું મારા કરતાં બીજા જીવોમાં બહિર્મુખપણે મન રાખનારી છે. મને જેણે જેણે પરણવું હોય તેણે તો પળેપળ એકમાત્ર મારો જ વિચાર, ચિંતવન અને મનન કર્યાં કરવું પડશે. તે ઉપરાંત, એક બાજુ જગતની સર્વ ઉત્તમ વસ્તુ પરત્વેનો પ્રેમ કે ભાવ અને બીજી બાજુ તેનાથી અનંતગણો પ્રેમ કે ભાવ મારી સાથે રાખવાનો રહે છે. એવું હોય તે મારી સાથે લગન કરી શકે, બાકીનાં નહિ.’ આનો જવાબ આપણે ભગવાનને આપી શકીએ એમ નથી. આપણે જો ભગવાનને વરવું છે, તો રેંગેપેંગે કર્યે ચાલશે નહિ. પાકા ખબરદાર બનવાનું છે.

જાગ્રત રહીને આપણા મનને આપણે કેળવવાનું છે. જ્યાં સુધી આપણે શરણાગતિ પ્રાપ્ત કરી નથી, ત્યાં સુધી આપણો આ માર્ગમાં કશો દી વળવાનો નથી.

સંસારનાં સકળ કર્મ આપણાં નથી, પરંતુ આપણામાંની પ્રકૃતિ વડે કરીને થાય છે એટલે તે કર્મ ચેતનનાં નથી.

‘જીવન સોપાન’, બી.આ; પૃ. ૧૬ ❑

## (૨) સૂવા સમયની સાવધાની

રાફવાલ્ડો ટ્રાઈન - અનુ. મણિલાલ દોશી

નિદ્રા સમયે માત્ર સ્થૂળ શરીર જ આરામ લે છે અને શાંત હોય છે. માનસિક શરીર તો પોતાની ક્રિયા કર્યા જ કરે છે. દિવસમાં જાગ્રત અવસ્થામાં શરીરને જે ઘસારો પહોંચે છે, તે ઘસારાને દૂર કરી શરીરને નવું જીવન આપનાર નિદ્રા છે. આ પ્રમાણે ઊંઘ અને નવું બળ આપવા માટે કુદરતે કરેલી ગોઠવણ તરીકે હોવાથી જો ઉજાગરા કરવામાં આવે અથવા શરીરને જોઈતી નિદ્રા ન મળે અને શરીરને દિવસમાં પહોંચેલી હાનિનો ઊંઘ દ્વારા પૂરતો બદલો આપવામાં ન આવે તો પછી શરીર ધીમે ધીમે ઘસાતું ચાલી નિર્બળ બને છે અને આવી સ્થિતિમાં કોઈ પણ પ્રકારના રોગને શરીરમાં પેસવું સુગમ થઈ પડે છે.

આપણે શરીરનો હાલ જે ઉપયોગ કરીએ છીએ, તેના કરતાં વધારે ઉચ્ચ પ્રકારનો ઉપયોગ કરવાનું આપણે જાણતાં નથી, તેથી જ એ શરીર આપણું નોકર મટીને માલિક બની બેઠેલ હોય છે. આપણને મનની અને આત્માની ઉચ્ચ શક્તિઓનો ખ્યાલ આવતો જાય છે ત્યારે શરીર વધારે સૂક્ષ્મ અને ભવ્ય થતું જાય છે અને અલૌકિક આનંદ મળવા માંડે છે. એવે વખતે ખાવાપીવાની તથા દરેક પ્રકારના ઉપભોગની આસક્તિ ઓછી થતી ચાલે છે ત્યારે હલકી જાતના ખાનપાન તરફની રુચિ ઘટતી ચાલે છે. શરીરને જરૂરજોગું પોષણ આપનારો અને મગજને શાંત રાખનારો સાત્ત્વિક ખોરાક ખાવાને ટેવાય છે. આ સમયે શરીરને ઘસારો ઓછો પહોંચે છે. એટલે શરીરને નિદ્રાની ઓછી જરૂર રહે છે. આ ઓછી નિદ્રા પણ શરીરના સૂક્ષ્મ પરમાણુઓના શરીરને ઘણી જ લાભકારક નીવડે છે.

આ રીતે શરીર જેમ જેમ વધારે સૂક્ષ્મ અને શુદ્ધ પરમાણુઓવાળું બનતું જાય છે તેમ તેમ તે જીવાત્માને પણ ઉચ્ચ સ્થિતિએ પહોંચવામાં સહાયભૂત નીવડે છે.

આટલા વિવેચનથી સમજાશે કે શરીરને વિશ્રામ આપવો અને લાગેલો ઘસારો પૂરવાને નિદ્રા અત્યંત અગત્યની છે. હા, અંતરાત્માને એવા આરામની જરૂર નથી અને તેથી શરીર નિદ્રાધીન હોય ત્યારે પણ એ તો પોતાનું કામ કર્યા કરે છે. ઊંઘમાં શરીર શાંત હોય ત્યારે પણ મન અને અંતરાત્મા કામ કર્યા કરતાં હોવાથી ઊંઘવા જતી વખતે જો મનને અમુક વલણ આપવામાં આવ્યું હોય તો મન તે બાબત ઉપર ઊંઘમાં પણ વિચાર કર્યા કરે છે અને પ્રાતઃકાળમાં પોતાના અનુભવોની સ્થૂળ મગજ ઉપર છાપ પાડતું હોય છે. શાંત રીતે પ્રયાસ કરવાથી આ શક્તિ પણ પ્રાપ્ત તો થાય છે જ. સૂવા જતાં પહેલાં જેવા વિચારો તરફ મનને વાળ્યું હોય તેવા જ વિચારોને મન ઊંઘમાં પોતાના તરફ ખેંચે છે. જાગ્રત અવસ્થા કરતાં નિદ્રાવસ્થામાં આપણી આંતરશક્તિઓ પ્રકાશ મેળવવાને વધારે લાયક હોય છે. આપણે ઊંઘીએ તે પહેલાંના થોડા વખત દરમિયાન મનના વિચારોને કેવા રાખવા તે સંબંધમાં આપણે બહુ જ સંભાળ રાખવાની જરૂર છે.

'ઈન ટ્યૂન વિથ ધી ઈન્ફિનિટ'નો અનુવાદ,
'પ્રભુમય જીવન', પ્ર.આ; પૃ. ૧૦૮ ❑

## (૩) શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

સ્વામી પ્રેમાનંદ સરસ્વતી

(ગતાંકથી આગળ)

ઢોલ, વાયોલિન, સિતાર છયે ઋતુની અસરથી પકાવાય છે. સિઝનપ્રૂફ બનાવાય છે - તેમ તે વધુ કીમતી ગણાય છે. પરિક્રમામાં યાત્રી પણ બધી જ ઋતુથી ઘડાય છે. અગ્નિમાંથી તપાવેલું સોનું જેમ શુદ્ધ ગણાય છે, તેમ ધોમધખતા ઉનાળામાં અમે એટલા બધા શુદ્ધ થયા કે શ્રી બ્રહ્મચારીજીના સાંનિધ્યને યોગ્ય બન્યા. નેમાવરમાં સુખપૂર્વક ચોમાસું પસાર કર્યું. શ્રીનર્મદાજીના ચડાવઉતાર જોયા પણ ચોમાસાની હાડમારીનો અનુભવ ન થયો. સંતપુરુષના સાંનિધ્યથી અમારી જીવનવાટિકા હરીભરી બની હતી. ચોમાસામાં ફૂલેલું લાકડું શિશિરના શીતવાયુથી જેમ સંકોચાય તેમ માન અને યશથી ફૂલેલું અમારું મન પાછું ભિક્ષાટનથી સંકોચાતું હતું.

પ્રકૃતિ અમારી પરીક્ષા કરતી હોય તેમ રાત્રે વરસાદ આવ્યો. એકલા પંડે વાપરે એવડી આ નાની ઝૂંપડીમાં અમે ૧૪ કેવી રીતે સમાઈએ ? પાંચને ગામમાં એક ખેડૂતને ત્યાં મોકલ્યા. બાકીના અમે કુત્તાકૂંડળી બનીને ઝૂંપડીમાં જ પડી રહ્યા. નીચે ઊધઈ, ઉપર ટપકતું પાણી એમ રાત પસાર થઈ ગઈ. સવારે પણ વરસાદ ચાલુ જ હતો, તેથી ‘અઠે જ દ્વારકા’ કરી અમે પડી રહ્યા.

નીલકંઠથી નીકળ્યા ત્યારે અમને રામાનંદ નામના એક સંન્યાસીએ પાંચસાત દિવસ રોકાઈ જવા ખાસ કહેલું. ‘મેરી બાત માન જાવ તો અચ્છા હૈ.’ હવે મને લાગ્યું કે એમનો ઈશારો કદાચ અમને વરસાદની મુશ્કેલીથી બચાવી લેવાનો હશે.

આગેવાની લેવી કેટલી અઘરી છે, તેનો અનુભવ મને અહીં થાય છે. એક મરાઠી, બે ગુજરાતી, ત્રણ યુ.પી.ના ને ચાર જણા મધ્યપ્રદેશના, એમ જુદા જુદા પ્રાંતના ને જુદી જુદી પ્રકૃતિના-સ્વભાવના સંગી સાથીઓને સમજાવીને ધાર્યું કામ લેવું કેટલું અઘરું છે, તેનો અનુભવ થઈ રહ્યો છે. પ્રસ્થાન કરવું કે રોકાવું ? એનો નિર્ણય કરવો, યશ-અપયશ મળે તો સમતા બુદ્ધિની તૈયારી રાખવી, મોટું મન રાખીને સૌનું સાંભળી લેવું, એ બધું શીખવાનો આ સારો મોકો છે. રસ્તે કોઈ આગળ ચાલવા તૈયાર જ ન થાય, કેમ કે કેડી ભુલાય ને જો રખડપટ્ટી થાય તો પછી બધાનો કકળાટ સાંભળવો પડે. તે કોણ પસંદ કરે ?

હૃદયમાં પ્રેમની લાગણી હોવા છતાં મોઢેથી કડક થવું જ પડે. કડક થવાનો હેતુ તો માત્ર બધાને સમયસર નિશ્ચિત સ્થળે પહોંચાડવાનો જ હોય છે. અમે જ્યારે ઊંડા કોતરમાં ઊતરીએ ત્યારે વાદળાંને લીધે દિશાનું ભાન રહે નહિ. એવે વખતે માર્ગનો નિર્ણય કરવો બહુ કઠિન બને. જ્યાં બહુ ઘાસ હોય ત્યાં કેડીનું નિશાન-ચિહ્ન ન દેખાય. બધી જ મુશ્કેલીમાં અમે પ્રકૃતિનો સામનો કરતાં આગળ વધીએ છીએ. મનને પ્રફુલ્લિત રાખવા રામધૂન, કીર્તન-દૃષ્ટાંતો, જોક્સ કહી મજામાં ચડી જતાં, પણ બધું મર્યાદામાં ખરું.

એક-એક પગે અમે એક-એક કિલોના ગારામાં મોજાં પહેરી ચાલતા હતા. એક ઠેકાણે હું લપટીને ગારાના ખાબોચિયામાં પડ્યો. મારા સાથીદારો ખૂબ મોકળે મોઢે દાંત કાઢતા હતા. બે જણાએ બાવડાં પકડીને મને બેઠો કર્યો, મારી આંખોનું કાચું એટલે સૌથી વધુ કાંટા મને વાગતા હતા. બે-ત્રણ દિવસથી સૂર્યનારાયણનાં દર્શન જ થયાં નથી. આખું આકાશ વાદળોથી ઢંકાયેલું છે. જ્યાં જોઈએ ત્યાં ભીનું જ ભીનું. (ક્રમશઃ)

‘શ્રીનર્મદા મૈયાની પરિક્રમા’ બી.આ. પૃ. ૧૦૭ ❑

## (૪) ગુરુના ગુણનો નહિ પાર !

**પ્રતાપભાઈ ઉપાધ્યાય**

આપણા એક પ્રાચીન સંતકવિએ સાચું જ ગાયું છે, **'ગુરુના ગુણનો નહિ પાર !'** પૂજ્ય શ્રીમોટાએ 'ગુરુ' વિશે વિસ્તૃત ગ્રંથ 'શ્રીસદ્‌ગુરુ' લખ્યો છે. ગુરુવાદ એક વસ્તુ છે અને 'ગુરુતત્ત્વ' જુદી વસ્તુ છે. શ્રીમોટા વિરચિત ગ્રંથ 'શ્રીસદ્‌ગુરુ' ગુરુતત્ત્વ વિશે છે. પૂજ્ય શ્રીમોટા બાહ્ય ઢંગથી ભલે જુનવાણી લાગતા હોય પણ હકીકતમાં તેઓ ચોક્કસ વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા અને સવિશેષ અર્વાચીન Ultra Modern છે. તેઓ પ્રયોગ વિના, એમ ને એમ પ્રયોગ વિના કેવળ ગતાનુતિક રીતે કશુંયે સ્વાકારી લેતા નથી. અત્યાર સુધી જે કેવળ શ્રદ્ધાના જ વિષયો ગણાતા હતા, તેમને પ્રત્યક્ષ પ્રયોગ અને તેમની સાધનાથી બુદ્ધિગમ્ય (rational) બનાવી આપ્યા છે.

ગુરુ કોઈ વ્યક્તિ નથી પણ ચેતનની અભિવ્યક્તિ છે. શ્રીમોટાનો દેહ સત્ત્વરૂપ બનેલો છે. આપણા જેવો દેખાય છે, છતાં તે આપણા જેવો નથી. પૂજ્ય મોટાના દેહમાં જે વ્યાધિઓ છે, તેમાંનો એકાદ વ્યાધિ પણ આપણને હોય તો તે પથારીવશ કરી નાખે. વ્યાધિઓના સંગ્રહસ્થાન જેવો તેમનો દેહ સતત ભ્રમણ કરે છે, સતત કર્મ કરે છે.

સદ્‌ગુરુ કે સત્પુરુષ સાથેનો માત્ર બાહ્ય સ્થૂળ મેળાપ કે સંપર્ક એ સદ્‌ગુરુની પ્રાપ્તિ નથી. સત્‌શિષ્યને પોતાના જેવો બનાવવા માટે ગુરુ તપે છે અને આખરે પોતાના જેવો જ બનાવીને છોડે છે. આપણી નિરંકુશ પ્રકૃતિ સ્વેચ્છાએ ગુરુને આધીન થવા તૈયાર થઈ જાય, ત્યારે આપણને ગુરુનો સ્પર્શ થયો છે એમ કહેવાય.

શ્રીસદ્‌ગુરુનો ખોરાક ભાવ-ભક્તિ છે, પ્રેમ છે. સદ્‌ગુરુ સાક્ષાત્ ભાવમૂર્તિ છે. આપણને આપણા સદ્‌ગુરુ પ્રત્યે ઓળઘોળ થઈ જવા જેવો ભાવ પ્રકટતો અનુભવાય ત્યારે જ આપણને સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ છે એમ માની શકાય. ભાવ-પ્રેમ પ્રગટે તો તેનું પ્રત્યક્ષ લક્ષણ છે સ્મૃતિ. જો આપણી ભીતરમાં પ્રતિક્ષણ સદ્‌ગુરુ પરત્વેનું કંઈ ને કંઈ ચાલ્યા કરતું લાગે તો જ સમજવું કે આપણે સદ્‌ગુરુને આપણામાં પ્રતિષ્ઠિત કર્યા છે.

શ્રીસદ્‌ગુરુની ચેતના જ્યારે સાધકમાં અવતરણ કે સંચાર કરે છે ત્યારે સાધકની સુષુપ્ત ચેતના સળવળીને જાગ્રત થાય છે. જાગીને ઊર્ધ્વમાં કરોડરજ્જુના માર્ગે આરોહણ કરી મસ્તકની ચોટે આવેલા સહસ્રદલ ચક્રમાં દબાણ સાથે સ્થિર થાય છે. આમ થયા પછી સાધકના દુન્યવી રસો તત્કાળ સુકાઈ જતા નથી, પણ ગૌણ બની જાય છે, આ સ્પર્શ એ જ જીવન છે, તેનો અભાવ મૃત્યુ છે.

શ્રીસદ્‌ગુરુને આપણે 'સાક્ષાત્ પરબ્રહ્મ'રૂપે સમજવાના સંસ્કાર સાથે જન્મેલાં છીએ. સદ્‌ગુરુ ચેતનનું પ્રતીક છે. આ ચેતનમાં બધા વિરોધાભાસોનો સહજપણે સમન્વય થઈ જાય છે. એ નિમિત્તમાં ઓતપ્રોત છે અને સાથોસાથ એ જ વખતે તટસ્થ પણ છે. એ બંધાયેલ છે ને મુક્ત પણ છે. પોતે મુક્ત ચેતનરૂપ હોવાથી નિમિત્તની પ્રકૃતિ તેને બાંધી શકતી નથી. આ દૃષ્ટિએ સદ્‌ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞથી પણ ઊંચું છે.

'શ્રીસદ્‌ગુરુ', પ્ર.આ. સંપાદકીયમાંથી ❑

# (૫) અહંતાથી મોકળાશ

**શ્રીમોટા**

મનની ચંચળતા કે અસ્થિરતા લાગે તો માનવું કે હજી આપણામાં અહંતા ભરી પડેલી છે. અહંતા પૂરી ઓગળી જતાં આપોઆપ મન ઠરીઠામ થઈ શકવાનું. સાધનાની સફળતાની ચાવી તો અહંતાથી મુક્ત થવામાં રહેલી છે. જો જ્ઞાનપૂર્વક નિરાગ્રહીપણું રાખી શકાતું હોય તો અહંતાથી મોકળું વહેલું બની શકાય. ક્યાંય કશામાં પોતાપણાના આગ્રહ આમ કે તેમ મુદ્દલે ન રહી શકે એવું મનનું, બુદ્ધિનું અને પ્રાણનું જીવતું જાગતું વલણ રહી શકે તો પછી અહંતા કોના આધારે રહી શકે ?

જે તે બંધન પણ અહંતાને લીધે જ છે. જે કર્મ અહંતારહિત બને છે, તેમાં કર્મબંધન નથી, કારણ કે તેમાં દ્વંદ્વ નથી. જ્યાં અહંતા નથી ત્યાં દ્વંદ્વ પણ નથી. અહંતાને લીધે જ દ્વંદ્વની ભૂમિકા પ્રવર્તી શકે છે. માટે, અહંતાથી મુક્ત બનવું એ સાધનામાં આગળ ધપવાનું સૌથી યોગ્ય તેમ છતાં આકરામાં આકરું પગલું છે. આકરામાં આકરું એટલા કાજે કે અહંતાને પણ પોતાનું એક પ્રકારનું વિશિષ્ટ પોતાપણું રહેલું હોય છે. વળી, માનવી પોતે પણ અહંતાના પાશમાંથી મુક્ત થવાની પૂરી તૈયારીવાળો પણ હોતો નથી કે જ્ઞાનભક્તિપૂર્વકનો તે માટેનો તેનો કોઈ પ્રયત્ન પણ હોતો નથી.

જેને અહંતા મુદ્દલે નથી તેને કશા કોઈના આઘાત-પ્રત્યાઘાત પણ હોતા નથી. એને કશી ઊથલપાથલ પણ હોતી નથી. અથવા એને કંઈ કશા પરત્વે આમ કે તેમ થવાપણું હોતું નથી. અહંતા ન હોય તો કર્મ જ ન સંભવે એવું કશું નથી. તેવી વેળાનાં કર્મ કોઈ જુદા પ્રદેશમાંથી ઉદ્‌ભવતા રહે છે. અહંતા ફેરવાઈ જઈને કોઈ બીજી શક્તિના આકારમાં લય પામી જાય છે.

અહંતાથી મુક્ત માનવી કેવો હોય એનું નરી નજરે આવે એવું લક્ષણ તો તે સાવ સંપૂર્ણ નિરાગ્રહી રહ્યા કરતો હોય છે, પરંતુ તેવું તેનું પ્રત્યક્ષ લક્ષણ તેના જીવનવર્તનમાં અનુભવાતું હોવા છતાં દરેક જીવને તે તેવો લાગી પણ શકતો નથી. માટે, સાધકે જેમાં ને તેમાં માથું મારવાનું મૂકીને સાધનામાં જ લગાતાર એકાગ્ર, કેંદ્રિત થઈ જવાનું કરવું. જેમાં ને તેમાં માથું મારવાનું દિલ થાય તો જાણવું કે તે અહંતા છે. અહંતાથી મોકળા બનવું હોય તો તેના પ્રેરાયા કશું જ ન કરવું એ ઉત્તમ છે.

આમ એક બાજુથી સાધકે પોતાની અહંતાથી સાવ મોકળાશ બનવાનો જ્ઞાનપૂર્વકનો પ્રયત્ન કરવાનો છે અને બીજી તરફથી શ્રીપ્રભુના ચેતનાસ્મરણની ભાવનામાં રત રહ્યા કરવાનો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનો અભ્યાસ કેળવ્યા કરવાનો રહે છે. જ્યાં જ્યાં અભિમાન ડોકિયું કરતું લાગે, તેવી વેળા તેને જરા પણ મચક આપણે આપવાની ન હોય. એનાથી મુક્ત થવાને કાજે આપણે સદાય પળેપળ જ્ઞાનના ભાવથી પ્રેરાયેલાં રહેવું પડે છે.

શરૂ શરૂમાં સાધકે પોતાની માન્યતાઓ, સમજણો, આગ્રહો, રીતરસમો, ટેવો, પકડો આદિથી દોરવાઈ જવાનું ન બને તેનું ભાન અને જાગૃતિ રાખવાનાં છે. સંસારવહેવારમાં જે તે જીવો સાથે વર્તવાનું થતાં, ત્યાં શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા, ધીરજ આદિ રાખ્યા કરવાના કે કેળવ્યા કરવાનો જાગૃતિપૂર્વકનો અભ્યાસ સાધકે રાખવાનો હોય છે.

'જીવન સોપાન', બી.આ., પૃ. ૨૦૧ ❑

## (૬) ત્રિમદમર્દન

અણસમજુ સામાન્ય માણસ પોતે ઘડપણના સપાટામાં આવવાનો છે તોપણ ઘરડા માણસને જોઈ કંટાળે છે અને એને ધુતકારે છે ! પરંતુ હું ઘડપણના ફાંસામાં ફસાવાનો છું, માટે જો સામાન્ય મનુષ્યની જેમ જરાગ્રસ્ત મનુષ્યથી કંટાળું કે એને તિરસ્કારું તો તે મને શોભે નહિ. આ વિચારને લીધે મારો **યૌવનમદ** સમૂળગો જતો રહ્યો.

અણસમજુ સામાન્ય મનુષ્ય પોતે વ્યાધિના સપાટામાં સપડાવાનો છે, છતાં વ્યાધિગ્રસ્ત મનુષ્યને જોઈ કંટાળે છે અને ઘૃણા રાખે છે ! પરંતુ હું પોતે વ્યાધિના સપાટામાંથી છૂટ્યો નથી અને વ્યાધિગ્રસ્ત માનવીથી કંટાળું કે એને તિરસ્કારું તો એ મને શોભે નહિ. આ વિચારથી મારો **આરોગ્યમદ** સમૂળગો જતો રહ્યો.

અવિદ્વાન સામાન્ય મનુષ્ય પોતે મરણધર્મી હોવા છતાં મૃત શરીર જોઈ કંટાળે કે એને તિરસ્કારે છે ! પરંતુ હું પણ મૃતધર્મી છું, છતાં સામાન્ય મનુષ્યની પેઠે મૃત શરીરનો કંટાળો કે ધુતકાર મને શોભે નહિ, આ વિચારથી મારો **જીવિતમદ** તદ્દન ગળી ગયો.

જાગનારાની રાત લાંબી છે, થાકેલાના ગાઉ લાંબા છે, એ જ પ્રમાણે નહિ જાણનારા અજ્ઞાનીઓનો જીવનપંથ પણ લાંબો બને છે.

કોઈ ઝેરી બાણથી ઘવાયો હોય, એના હિતચિંતકો એના શરીરમાંથી એ બાણ કાઢવા તત્પર થાય ત્યારે પેલો ઘવાયેલો એમને કહે કે મને પહેલાં મારા પ્રશ્નોના જવાબ આપો, પછી બાણ કાઢજો. મારા પ્રશ્નો એ છે કે બાણ મારનાર કઈ જાતનો છે ? કયા ગામનો ? કયા નામનો ? અને કેવા કદનો છે ? વળી, એ બાણ શેમાંથી અને કેવી રીતે કોણે ઘડ્યું છે ? ધનુષ્ય અને દોરી શેનાં અને કોનાથી બન્યાં છે ? આ મારા પ્રશ્નોના જવાબ ન મળે ત્યાં લગી વાગેલ બાણને જો એ ઘવાયેલો નર કાઢવા ન દે તો શું એ બચી શકે ? (ટપ ટપ નહિ, મમ મમ જોઈએ. પહેલી ક્રિયા પછી ચૂંથણાં !)

કોઈ યોગ્ય વેળાએ બોલે છે તો કોઈ અયોગ્ય વેળાએ. કોઈ બનેલી વાત કહે છે, તો કોઈ નહિ બનેલી, કોઈ મધુર બોલે છે તો કોઈ કટુ. કોઈ મિત્રભાવે બોલે છે તો કોઈ બુદ્ધિથી બોલે છે. આ સર્વ પ્રસંગે તમારું ચિત્ત વિકારવશ થાય નહિ, તમારા મુખમાંથી ભૂંડા શબ્દ નીકળે નહિ, તમારા અંતઃકરણમાં દયા અને મૈત્રી વસે, દ્વેષ રહે નહિ, અને જે મનુષ્ય પોતાની વિરુદ્ધ બોલ્યો હોય એને આધાર બનાવી અખિલ વિશ્વ વિશે તમે મૈત્રીની ભાવના ભાવી શકો એવો તમારે અભ્યાસ કરવો જોઈએ.

મારા પરિનિર્વાણ પછી મારા દેહની પૂજા કરવાની ભાંજગડમાં પડશો નહિ. મેં જે સન્માર્ગ શીખવ્યો છે એ પ્રમાણે ચાલવા પ્રયત્ન કરજો. સાવધાન, ઉદ્યોગી અને શાંત રહેજો. **મારા અભાવે મારા ધર્મ અને વિનયને જ તમારા ગુરુ માનજો.** જેની ઉત્પત્તિ થઈ છે તેનો નાશ છે, એમ વિચારી સાવધાનપણે વર્તજો.

ગઈ ગુજરીનો વધુ વિચાર કરવો નહિ અને ભવિષ્યની આશા રાખવી નહિ, કેમ કે ગઈ

વાતો-ભૂતકાળ નાશ પામ્યો છે અને ભવિષ્યની વાત તો હજી બનવાની છે, પરંતુ પ્રસ્તુત-હાથ ઉપરની વર્તમાન વાતનો જ બરોબર વિચાર કરવો. જે કાંઈ કરવાનું હોય તે આજે જ કરવું. આવતી કાલના મરણની કોને ખબર છે ? જેની પાસે અખૂટ સૈન્ય છે, એવા મૃત્યુની સાથે યુદ્ધ કરવું પોતાને શક્ય છે ખરું ? આવો વિચાર કરીને જે સાવધાનપણે હોશિયારીથી વર્તે એનો જ દિવસ સુખથી જાય છે.

હું જ્યારે સાધના કરતો ત્યારે જ મને વિચાર આવ્યો કે મનમાં સારા અને નરસા બેઉ પ્રકારના વિતર્કો-વિચારો આવ્યા કરે છે. એથી મારે એના બે ભાગ પાડવા. જે અકુશળ કે નઠારા વિતર્કો છે તે એક બાજુ અને જે કુશળ કે હિતકારી વિતર્કો છે એ બીજી બાજુ રાખવા. કામ, દ્વેષ અને ત્રાસ આપવાની વૃત્તિ આ ત્રણ અકુશળ વિતર્કો છે. એથી ઊલટાં નિષ્કામતા, પ્રેમ અને અહિંસા (કોઈને પણ દૂભવવાં નહિ) એ ત્રણ કુશળ વિતર્કો છે.

હું વિચાર કરતો બેસું અને મનમાં કોઈ અકુશળ વિતર્ક આવ્યો કે તરત જ વિચારતો કે આ વિતર્ક મારું કે બીજા કોઈનું હિત કરનાર તો છે જ નહિ અને વધારામાં તે પ્રજ્ઞાને રોકે છે. મન ઉપરની પાકી ચોકીદારી અને સતત જાગૃતિથી જેમ કોઈ કુશળ ગોવાળિયો પાકથી ઊભરાતાં ખેતરો ન ભેળાય એ માટે પાક ખાવા દોડતી ગાયોને સાવધાનીથી ખેતરોથી દૂર રાખે તેમ, હું એવા વિતર્કોને રોકતો.

પરંતુ જ્યારે મનમાં કુશળ વિતર્ક આવે ત્યારે તે વિતર્કો મારા, બીજાના અને બધાના હિતમાં કેવી રીતે છે એનો વિચાર કરી સતત જાગૃતિથી હું એ કુશળ વિતર્કોનું જતન કરતો. બહુ વિચાર કરવા બેસી રહેવાથી શરીર થાકી જાય અને શરીર થાકે તો મન પણ સ્થિર ન થાય એમ ધારી હું કુશળ વિતર્કો આવે ત્યારે જેવી રીતે ખેતરોમાંથી પાક લણાયા પછી ગોવાળ ઢોરને ખેતરોમાં છૂટાં મૂકી દે છે અને માત્ર દૂર રહી એના ઉપર દેખરેખ રાખે છે, તેમ હું કુશળ વિતર્કો આવે ત્યારે એની દેખરેખ રાખતો, પણ **મનનો નિગ્રહ કરવાનો પ્રયત્ન કરતો નહિ.**

આ જગમાં **વેરથી કદાપિ વેર શમતું નથી. અવેર-પ્રેમથી જ વેર શમે છે.** એ જ સનાતન નિયમ છે. જન્મને લઈને બ્રાહ્મણ કે અબ્રાહ્મણ થતા નથી. **કર્મથી જ બ્રાહ્મણ થાય છે.** ખેડૂત કર્મથી થાય છે, કારીગર કર્મથી થાય છે, ચોર કર્મથી થાય છે, સિપાઈ કર્મથી થાય છે, ભિખારી કર્મથી થાય છે અને રાજા સુધ્ધાં કર્મથી જ થાય છે. કર્મથી જ આ સઘળું જગત ચાલી રહ્યું છે. જેમ રથ ધરી ઉપર અવલંબી રહે છે તેમ સર્વ પ્રાણી પોતપોતાના કર્મ ઉપર અવલંબીને રહ્યાં છે.

પ્રતિપક્ષી ગુસ્સે થયો છે એવું જોઈ જે અત્યંત વિવેકથી શાંત થાય છે, તે પોતાનું અને પારકાંનું હિત સાધે છે.

મારું હૃદય એ મારું ખેતર છે, ત્યાં વિવેકરૂપી હળ ખેડું છું, સર્વ વાસના વિકારોરૂપી નીંદામણ ઉખેડી નાખું છું. પ્રેમ, સત્ય, અહિંસાની અપરંપાર ખેતી કરું છું.

**પ્રજ્ઞા શીલ વડે અને શીલ પ્રજ્ઞાથી પરિશુદ્ધ** થાય છે. બન્નેનો સમવિકાસ જોઈએ. આ બે શ્રેષ્ઠ ગુણ છે.

**(અનુસંધાન પેજ નં. ૧૨ ઉપર)**

# (૭) શ્રી નંદુભાઈ સાથેની મારી સ્મૃતિ

બાબુ સરકાર

પૂજ્ય શ્રીમોટા, મદ્રાસ આવે ત્યારે અમારા ઘર ઉપરાંત મારા ભાઈઓના ઘેર પણ રોકાતા હતા. શ્રીમોટા તો વહેલા સૂઈ જાય એટલે હું અને નંદુભાઈ રાત્રે મોડા સુધી ક્યારેક તો રાત્રિના બાર વાગ્યા સુધી જુદા જુદા વિષયો ઉપર વાતો કરતા. શ્રીમોટા તરફથી મને એ માટેની અનુમતિ મળેલી. મારા ભાઈઓના ત્યાં તેમનું રોકાણ હોય ત્યારે મોડી રાત્રે હું મારા સ્કૂટર ઉપર મારે ઘેર આવતો. એ દિવસોની સ્મૃતિ હજી જીવંત છે.

સદ્‌વાંચન ઉપરની ચર્ચા દરમ્યાન શ્રીનંદુભાઈએ 'નવનીત સમર્પણ' વાંચવાની મને સલાહ આપી હતી. તેઓએ મને કહેલું કે તેઓ એક વર્ષનું લવાજમ મારા માટે ભરશે પછી મારે લવાજમ ભરવાનું. આજે પણ મારે ત્યાં 'નવનીત સમર્પણ' આવે છે. એટલે નંદુભાઇની સ્મૃતિ તાજી થાય છે.

સમાજમાં દાન/ભેટની વાતો થયેલી ત્યારે શ્રી નંદુભાઈએ મને સલાહ આપી હતી કે સમાજના જે સાચા સેવાભાવી હોય તેઓને જરૂર દાન આપવું. તેઓએ અનુબહેન ઠક્કર (વાઘોડિયાની સંસ્થા)નું નામ સૂચવેલું. પૂજ્ય શ્રીમોટા પોતે પણ એમની સંસ્થાને મદદરૂપ થાય છે, એ વિગત શ્રી નંદુભાઈએ મને જણાવી હતી. એટલે હું પણ અનુબહેન ઠક્કરની સંસ્થાને સહયોગ આપતો હતો. તેમના તરફથી મને આમંત્રણ પણ મળતું અને જ્યારે ગુજરાત આવું ત્યારે તેમની સંસ્થાની મુલાકાત લેવા જણાવતા હતા.

એક વખત હું અને મારાં પત્ની ચારુમતી સુરત ગયાં હતાં. સુરતમાં ચારુની એક ખાસ બહેનપણી રહેતી હતી. તેને મળવા ગયેલાં. સુરત આશ્રમની મુલાકાતે અમે બન્ને ગયાં ત્યારે શ્રી નંદુભાઈએ ચારુને મૌનમાં બેસવા જણાવ્યું. ચારુએ તો સ્પષ્ટ ના પાડી અને કહ્યું કે મૌનરૂમમાં એને બીક લાગે. પણ શ્રી નંદુભાઈએ પ્રોત્સાહન આપ્યું અને કહ્યું કે અંદર કોઈપણ પ્રકારની મૂંઝવણ થાય તો મને લખી જણાવજે ! અને આશ્ચર્ય થયું કે ચારુએ મૌન સપ્તાહનું અનુષ્ઠાન પૂર્ણ કરેલું.

કુંભકોણમ્ ખાતે શ્રીમોટા અને શ્રી નંદુભાઈ હોય ત્યારે અમે ત્યાં જતાં અને સાથે રોકાતાં હતાં. કુંભકોણમ્‌નો આશ્રમ કાવેરી મૈયાના કિનારા ઉપર જ છે. શ્રી નંદુભાઈ સાથે સ્નાન માટે હું પણ જતો હતો. એક વખત શ્રી નંદુભાઈએ મને કહ્યું કે આપણે બન્ને એકસાથે પાણીમાં ડૂબકી મારીએ. પાણીમાં વધારે સમય કોણ રહી શકે છે તે જોઈએ. મારી ડૂબકી થોડીક વધારે ચાલી હતી અને શ્રી નંદુભાઈની ડૂબકી મારા કરતાં સહેજ વહેલી પૂરી થઈ હતી. તેઓએ મને કહેલું કે તમારાં ફેફસાં મજબૂત છે, એટલે તમે લાંબું જીવશો. જોકે શ્રી નંદુભાઈ સો વર્ષનું આયુષ્ય ભોગવી શતાયુ થયા એ આપણે જાણીએ છીએ. મારી ઉપર હાલ ૮૫ વર્ષની છે. એકંદરે તંદુરસ્તી છે. એક વખત કુંભકોણમ્‌માં મને પગે વાગેલું એટલે પાટો બાંધેલો. એ પાટા સાથે કાવેરીમાં અમે સ્નાન કરતા અને પાંચેક દિવસમાં ઘા રૂઝાઈ ગયેલો. એ કાવેરી મૈયાનો પ્રતાપ !

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ બાદ શ્રી નંદુભાઈ વલ્લભવિદ્યાનગર સ્થાયી થયેલા. અમે જ્યારે ચારુની બહેનને ત્યાં વડોદરા જઈએ ત્યારે ટૅક્સીમાં

શ્રી નંદુભાઈને મળવા જતાં હતાં. એક વખત ચારપાંચ વર્ષ મળ્યાં વિનાનાં ગયાં. એટલે ચંદનબહેનનો મારા ઉપર મદ્રાસ ફોન આવ્યો કે ભાઈ (નંદુભાઈ) તમો બન્નેને ખૂબ યાદ કરે છે. તમારા બન્નેનો ફોટો પૂજ્ય ભાઈએ મંગાવ્યો છે. એટલે અમારા બન્નેનો લેમિનેટેડ ફોટો વિદ્યાનગર મોકલી આપ્યો. તેઓ ખુશ થયા અને બોલેલા કે બાબુસરકાર અને ચારુમતી આવી ગયાં. તે પછી ત્રીજે જ દિવસે ચંદનબહેનનો ફોન આવ્યો કે પૂજ્ય ભાઈએ વિદાય લીધી છે ! અમે અમારી જાતને ભાગ્યશાળી ગણીએ છીએ. હવેના જન્મમાં પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈ મળે તો ઔર ભાગ્યશાળી ! એ માટે પ્રાર્થના પણ છે.

મારું એક મંતવ્ય છે કે આધ્યાત્મિક માર્ગમાં alliance of two masterminds જરૂરી હોય છે. આ પ્રકારનાં દ્વંદ્વથી સર્જન શક્ય બને છે. શ્રીરામકૃષ્ણને સ્વામી વિવેકાનંદ મળ્યા અને તેમના થકી આધ્યાત્મિક શક્તિઓને સામાજિક જીવનના ઉત્થાનમાં જે સક્રિય થવાયું, તે આપણે જોયું છે. શ્રીઅરવિંદને શ્રીમાતાજીનો સાથ-સહકાર પ્રાપ્ત થયેલો અને તેના પરિણામ આપણી સમક્ષ છે. પપ્પાજી રામદાસને માતાજી કૃષ્ણાબાઈનો સહયોગ મળેલો. શ્રીકૃષ્ણભગવાન જેના સારથિ બન્યા હતા તેમાં પણ અર્જુન દ્વારા ભગવાનની શક્તિઓ પ્રવૃત્ત બની હતી. તે પ્રમાણે પૂજ્ય શ્રીમોટાને અને ભાઈશ્રી નંદુભાઈનો જે સુભગ સંયોગ થયો એમ હું માનું છું. પૂજ્ય શ્રીમોટાએ શ્રીમુખે વ્યક્ત કરેલું છે કે શ્રી નંદુભાઈના સાથ સહકાર વિના જે સર્જન થયાં તે શક્ય ન બન્યું હોત. આ બધું મને તર્કસંગત જણાયું છે. ❑

**(અનુસંધાન પેજ નં. ૧૦ નુ ચાલુ)**

'સાધુઓ ! હું દિવસોના દિવસો સુધી એક આસને લાકડાની જેમ બેસી રહેતો. કલાકોના કલાકો સુધી શ્વાસોશ્વાસ રોકી ધ્યાનસ્થ રહેતો. આખા દિવસમાં એક જ વાર મગનો એક દાણો લઈને રહેતો. અઘોરીઓ કરે છે તેમ મારો પોતાનો પેશાબ જ પીતો, મારું માથું સુકાયેલી તૂંબડી જેવું થઈ ગયું. મારી આંખો ઊંડા કૂવા જેવી થઈ ગઈ. મારી પાંસળીઓ ગણી શકાતી. અને મારા પેટમાં હાથ નાખીએ તો કરોડ પાસે જાય તેમ હતું. આવી ઉગ્ર તપશ્ચર્યા મેં કરી છતાં મને ચિત્તશાંતિનો લાભ ન થયો ત્યારે મને થયું કે આવું તપ કોઈએ કર્યાનું મેં જોયું નથી.'

માણસ જેવું વિચારે છે તેવું એને મળે છે. મનુષ્યનું કર્મ એ એની મિલકત છે. એને ઢાળનારું બીબું છે. એ એની જાતિ છે. એનું શરણ છે. એ કર્મની શુદ્ધિનો આધાર સમ્યક દૃષ્ટિ અને સમ્યક સંકલ્પ છે.

'વિશ્વવાત્સલ્ય', ડિસેમ્બર, ૨૦૦૨માંથી સાભાર ❑

**'હરિભાવ' આજીવન લવાજમ અંગે**

'હરિભાવ'ના અગાઉના આજીવન ગ્રાહકો પૈકી કોઈ કોઈ ગ્રાહક ફોન કે પત્રમાં તેઓ પોતે આજીવન ગ્રાહક હોવાનું જણાવતા હોય છે. તેથી પુનઃ જાણકારી આપવાની કે અગાઉના સર્વે આજીવન ગ્રાહકોને વાર્ષિક ગ્રાહક તરીકે ફેરવીને લવાજમની મુદત નક્કી કરવામાં આવી છે. જેનો ઉલ્લેખ 'હરિભાવ'ની કોથળી ઉપરના સરનામાની ઉપરની બાજુમાં કરવામાં આવે છે. તે પ્રત્યે સવિનય સર્વેનું ધ્યાન દોરવામાં આવે છે. - **સંપાદક**

## (૮) પદ્ય પ્રસાદી

શ્રીમોટા

(અનુષ્ટુપ)

(૧)

આપણાં દુઃખના કર્તા પોતે શા આપણે છીએ !
છતાં એનો બધો દોષ ઠાલવીએ બીજા પર,
કર્મનું તે પરિણામ, ભોગવવું પડે સદા,
પોતાનાં આપણાં કર્મો થકી સંસારમાં તદા.

(૨)

ઓઢાડે છે હરિ માથે જે જે જીવનમાં બને,
નર્યું અજ્ઞાન તેમાં છે, એને ના વળગે કશું.
કર્મનું છે પરિણામ, તેમાંથી છૂટી ના શકે
કોઈએ, કોઈ ઉપાયે ભાગી તેથી ન કો શકે.

(૩)

જ્યાં ત્યાં નિશાળ સંસારે બોધ લેવાની કેવી છે !
શીખવાનું મળે કેવું જ્યાં ત્યાંથી, દિલ હોય જો !
તમારી જેવી જિજ્ઞાસા, તેવું તેમ થવાય છે,
જિજ્ઞાસાએ ઘડ્યો કેવો મને કૃપાથી જીવને !

(૪)

કર્મને ભાવ સાથેનો સંબંધ જીવતો થતાં,
થતાં સુમેળ બન્નેનો, કર્મ શું બદલાય ત્યાં !
કર્મમાં મોખરે ભાવ ચેતનાત્મક હોય જ્યાં
કર્મ તે યજ્ઞના પૂર્ણ સ્વરૂપે જાણવું સદા.

(૫)

જીવ સ્વભાવના ગુણ કર્મે પ્રવેશી જાય ના,
શી તકેદારી એની મેં હરિકૃપાથી રાખી ત્યાં !
કર્મ તે કર્મ ના માત્ર, શ્રીહરિની પૂજા શી તે !
પુષ્પ સમર્પવા કર્મ મળેલું શ્રીહરિપદે.

(૬)

સ્મરણથી ભાવ મોહરીને ઊંડો અવતરે હૃદે
-ત્યારે ભક્તિતણી કેવી જામે ફોરમ જીવને !
'હરિની ગોદમાં છીએ,' 'છત્રછાયા હરિતણી
-તળે શા પૂર્ણ નિશ્ચિંત' જાગે શી એવી ભાવના.

(૭)

સંસારમાં રહી ભાવે હરિને ભજવો હૃદે
-મુશ્કેલ અઘરું કર્મ દોહ્યલું તે ખરું ખરે,
કિંતુ જ્યાં સ્વાર્થ લાગે છે, ગમે તેટલું છો ભલે
-મુશ્કેલ, દોહ્યલું હો તે, છતાં ત્યાંથી મળે પથ.

(૮)

પ્રાકૃતિક મનાદિનો જે ગુણધર્મ હોય છે,
એની મેળે ત્યજાતો ના, ગમે તેવાય યત્નયે,
ભક્તિ પાંગરતાં હૈયે, આધારે રોમ રોમયે,
પ્રાકૃતિક મનાદિના વિલીન ગુણધર્મ છે.

'ભાવજ્યોતિ', પ્ર.આ. માંથી ❑

**પૂજ્ય શ્રીમોટાના ૮૦મા સાક્ષાત્કાર દિન - રામનવમીનો મહોત્સવ**

**ફેબ્રુઆરી ૨૦૧૮ના 'હરિભાવ'માં જણાવ્યા મુજબ શ્રી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટની વાડી, આંબાતલાવડી, કતાર ગામ, સુરત ખાતે તા. ૨૪-૩-૧૮ની સાંજે ૬ થી ૮ અને તા. ૨૫-૩-૧૮ના રોજ સવારના ૭-૩૦થી બપોરના ૧૨ વાગ્યા સુધી યોજાશે. યજમાન શ્રી કમળાબહેન ત્રિભોવનદાસ જોષી પરિવાર, રહેવાસી ચલથાણ (સુરત) તરફથી તેમાં સપરિવાર, મિત્રમંડળ સહિત પધારવા જાહેર હાર્દિક નિમંત્રણ છે.**

## (૯) પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

સંકલન

જન્મ : **તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભગત

**૧૯૧૬** : પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯** : મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧ :** કૉલેજ-ત્યાગ.

**૧૯૨૧** : ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧** : વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨** : ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩** : 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩** : વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬** : લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭** : હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮** : 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮** : પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮** : સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦** : મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું

વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪** : સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંઆંધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧-૨૧ છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯** : તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦** : (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧** : માતાનું અવસાન.

**૧૯૪૨** : હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩** : ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫** : હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬** : હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦** : દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫** : (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬** : (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬** : ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

'પૂજ્ય શ્રીમોટા જીવન અને કાર્ય', બી.આ. પૃ.૮૨૪ ❑

નારેશ્વર,તા.૧૭-૨-૧૯૪૧

શ્રી નંદલાલ જોગ,

જયગુરુદેવ. બાદ તમારો પત્ર મળ્યો છે. જવાબમાં શું ? તે જ મને સૂઝતું નથી. આ જયંતીમાં (દત્તજયંતીના ઉત્સવમાં -સં) તમારી જ નહિ પણ અનેક જણની અનેક વાતો મારે કાને આવી છે. એક કાનેથી બીજે કાને અને બીજે કાનેથી ત્રીજે કાને વાત જાય એટલામાં તો એનું મૂળ સ્વરૂપ ફરી જાય છે. વળી, વાત કરવાની ઈચ્છા હોય તોપણ મને એમાં રસ નથી. અથથી ઈતિ સુધી બધી વિગત મારી પાસે ભાગ્યે જ આવે છે. મારે કાને કશું ન આવે એવું દરેક જણ ઈચ્છે છે. આવી સ્થિતિમાં મારે કોઈ પણ બાબતમાં કાજી બનવું કેવળ નકામું જ નહિ પણ મૂર્ખતાભરેલું છે.

દત્તજયંતીએ સ્થાનમાં આવનાર દરેક માણસ કે પશુ-એક કૂતરું પણ દત્ત સ્વરૂપ છે, એમ સમજી (અથવા છેવટે મારા શબ્દમાં વિશ્વાસ રાખી એમ માની) કોઈ પણ જાતની ખુશામતના આશય વગર તેની યથાશક્તિ જાતે અગવડ વેઠી, બધી સેવા ઉઠાવી લેવી એ મંડળના માણસની એક ધાર્મિક ફરજ છે, એટલું જ જો દરેક જણ સમજી લે તો કોઈને કંઈ કહેવાપણું ન રહે. આવતી ફરિયાદોમાં કેટલીક સાચી હોય છે તો કેટલીક જૂઠી પણ હોય છે. કેટલાકથી તો સ્થાનનો અને વ્યક્તિનો ઉત્કર્ષ સહન નથી થતો હોતો તેથી આવી તકનો લાભ લઈ સહેજ પણ બારી જડતાં ગોળીબાર શરૂ કરે છે. આવનાર દરેક ભક્ત પણ નથી હોતો. અનેક હેતુથી અનેક જણ આવે છે. તેમની ભાવનાનો વિચાર કરવાનું કામ આપણું નથી, પણ ભક્ત કહેવડાવનાર કે બનવા ઈચ્છનારની ફરજ ચોખ્ખી છે : તેણે સામા માણસને ફરિયાદ કરવાનું કારણ ન આપવા, બને તેટલા જાગ્રત રહેવું જોઈએ. પોતે નિખાલસ હોય એટલું એને માટે બસ છે. એક દિવસ દુનિયા એની નિખાલસતા જરૂર ઓળખશે અને પોતાના ગલીચ વર્તાવ માટે પસ્તાશે, પણ જ્યારે સારો માણસ આપણી વિરુદ્ધ અવાજ ઉઠાવે ત્યારે આપણે ઘડી વાર અંતર્મુખ થવું ઘટે અને સરવાળે આપણને જે ખામી દેખાય તે તે જોવામાં બાજ જેવી તેજ દૃષ્ટિ રાખે અને બીજાનો દોષ જોવામાં કીડીની દૃષ્ટિ કેળવે તેને પડવાની ભીતિ નથી. **જો મંડળ એકબીજાના દોષ જોવા મંડી પડે તો કોઈને કોઈમાં ગુણ જ દેખાવાનો નથી.** એકબીજાને હલકાં પાડવામાં જ બુદ્ધિ અને સમયનો ઉપયોગ કરે તો બધા જ હલકા પડવાના.

આ જયંતીમાં તમારી, શિવશંકરની, મોદીની, દીવેર મંડળની, સાયરવાળાની અને સરખેજ મંડળની ફરિયાદો આવી. બીજા અનેક જણની ફરિયાદો આવી. આ બધાનું કારણ ? કારણ એટલું જ કે બધાએ બનતી સેવા કર્યા છતાં નમ્રતાને બદલે અહંકાર વધારી પોતાને આગેવાન માન્યો, પણ સૌથી મોટો આગેવાન તો તે કે જે સૌથી મોટો સેવક હોય, સૌથી વધુ કરી છૂટતો હોય, સૌથી વધુ સહી શકતો હોય. આ સત્યનું સ્મરણ કોઈને પણ ન રહ્યું. કોઈ નકામું ફુલાયું છે. કોઈ કામ કરીને મરી જવા છતાં અહીં કદર નથી વગેરે વગેરે. હું તો કોનો ન્યાય ચુકાવું એને કોને ઠપકો આપું ? જેમ જેમ માણસોની મેદની વધારે જામે તેમ તેમ મંડળની જવાબદારી વધતી જાય છે. એ માટે બધાને કેવી રીતે સમજાવું ? આ સાલ ખડખડાટ એટલો બધો થયો કે એક બડા માણસને મોદીજીને એમ કહેવાની

ફરજ પડી કે **આ બધાં કામ કરે છે પણ એમની અંદર એકદિલી કે વ્યવહાર પૂરતો પણ સંપ નથી. ઊલટો અંદરોઅંદર રાગદ્વેષ ખૂબ ભરેલો હોય એમ લાગે છે.** આ બધાથી મને પણ એમ લાગ્યું કે મારી પાછળ સાચે જ બે પાંચનુંયે મંડળ છે કે હું પણ ભ્રમમાં અથડાઉં છું ! તમને તમારી ભૂલો જાણવાની અને તે સુધારવાની ઇંતેજારી થાય છે, એટલે સંતોષ છે. બીજાઓને તો તે પણ પડી નથી.

પણ મને મારી તપશ્ચર્યામાં જ ખામી લાગે છે કે હું હજી આઠ આનીયે મારા સિદ્ધાંતો બે પાંચ જણાને પણ પૂરા ઠસાવી શકતો નથી. એટલે મારે મારું કાર્યક્ષેત્ર બદલી લેવું કે બધો લોકસંગ્રહ બાજુએ મૂકી મૂંગો બની કોઈ અજ્ઞાતપણે પડી રહેવું તેની ગડમથલ મારા મનમાં ચાલી જ રહી છે. પ્રભુ જેમ રાખે તેમ ખરું, પણ અત્યારે તો લોકોની ભાંજગડોમાં આરામને અભાવે તંદુરસ્તીનું દેવાળું કાઢી રહ્યો છું.

આથી વધારે લખવા વખત નથી. હાથ પણ કામ કરી શકે તેમ નથી. વધારે જરૂર પણ નથી. તમે તમારા પૂરતો વિચાર કરો અને હું મારા પૂરતો કરું તો બીજાને કંઈ કહેવાની જરૂર પણ નહિ રહે.

કોઈની સાથે અડફટમાં આવવું નહિ. દરેક વ્યક્તિ પાસેથી સારું હોય તે ગ્રહણ કરવું, ખરાબ પ્રત્યે દુર્લક્ષ રાખવું, ફાવે ત્યાં જવું, ન ફાવે ત્યાંથી સદા દૂર રહેવું. સર્વથા હંસવૃત્તિ રાખવી. કાગડો તો કા કા કરે એમાં એનો દોષ નથી, કેમ કે એ એનો સ્વભાવ પડ્યો. એના બાહ્યરંગથી ભૂલથાપમાં પડી એની પાસેથી કોયલના જેવા ઐક્યાત્મકભાવના મધુર ટહુકાની આશા રાખનાર જ મૂરખ છે. સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ.

'શ્રીરંગ પત્ર મંજુષા-૨', પ્ર. આ., પૃ. ૨૩૭ ❑

## 'હરિભાવ' માસિકપત્રની માહિતી

**(ફૉર્મ નં. ૪, રૂલ નં. ૮)**

૧. પ્રકાશકનું સ્થળ : બી/૫, સ્વસ્તિક સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૪. પ્રકાશકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૫. તંત્રીનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૬. માલિકોનાં નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
સરનામું : બી/૫, સ્વસ્તિક સોસાયટી, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

હું, પ્રભુદાસ જાની આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

'હરિવાણી ટ્રસ્ટ' વતી
તા. ૩૧-૩-૨૦૧૮ પ્રકાશકની સહી
અમદાવાદ. **પ્રભુદાસ જાની**

## (૧૧) પૂજ્ય શ્રીમોટા પ્રત્યે મારું ભાવસ્ફુરણ

એક સ્વજન

*(પૂજ્ય શ્રીમોટાએ તેમના સાધનાકાળથી જ ખૂબ ભાવપૂર્વક કેટકેટલા વિષયો ઉપર લખવાનું રાખેલું, જે આપણે સૌ જાણીએ છીએ. અત્યારના સમયમાં આ લખાયેલું જેમજેમ સમજાતું જાય છે તેમ તેમ, તેમણે આ બધું જે સમયમાં, આટલા વિશાળ પ્રમાણમાં લખ્યું તે સમયને યાદ કરાતાં, એ ભાવ સાથે એ સમયને કંઈક નજીકથી ઓળખવાનો અને તેની ધન્યતાને યાદ કરવાનો મારો આ એક નમ્ર પ્રયાસ છે. - સ્વજન)*

### (૧)

સમયની પણ એ કેવી પરાકાષ્ઠા હશે જ્યારે,
મનમાં સ્ફુરે ને કલમથી વહે જે અસ્ખલિત ત્યારે.

ચાહે તે ગંગા કિનારે કે તાપી-મહીસાગરના આરે,
વિષય કેવો સ્પષ્ટ કરવા, ઉરમાં જાણે ઊગ્યો સૂરજ સવારે.

અનંત વિચારોની સાંકળને, વિષય પર બાંધી
સંતૃપ્ત દ્રાવણમાં તેને ડુબાડી
સરળ, સુલભ શબ્દોથી નવાજી
પછી તેને છોડી ક્રમબદ્ધ, કડીઓ બનાવી

કરે જેમ વિસ્તાર, સંગીત ઉપાસક દિલથી સ્વરોનો
બનતો જાય માહોલ, ને નિરખતો ભાવ કેવો તે રાગનો

સ્વના અનુભવો, સ્વની લાગણીઓ
સ્વની અંદર પ્રજ્વલિત અગન જ્વાળાઓ
શરણ માંગે વીનવે, કરી દયા યાચનાઓ
તલસાટ એક હવે પરમ તત્ત્વને જ પામવાનો

આવી સમયની કંઈક વિરલ બિનાઓ
લખાઈ જાય, સમાઈ જાય, કેવી આ સમર્થની કૃપાઓ
સ્પર્શી રહેતી, સરળ શબ્દોની રચનાઓ

ધન્ય તે સમય, જેના પ્રવાહે ભીંજાઈ ઉજાગર થયા
કંઈક વિષયો ને
'જીવનવિકાસ' હેતુ કાજે, જગતનો અનોખો ને
ઉત્તમ પરિચય ને

કૃપા તમારી અમ પર રહો, રાખી મનને સદાયે શરણ
અચળ, અવિચળ, સબળ, સરલ, સતત રહે તમ સ્મરણ.

❑

### (૨) સદ્‌ગુરુ વિશે

એમ કંઈ અચાનક થોડું સદ્‌ગુરુને મળાય છે ?
જનમ જનમના સંબંધ તેની પાછળ જણાય છે.

ભાવ ક્યારે કેવો જાગે, ક્યાં વર્તાય છે ?
પળવારમાં મન, વિચાર, આચાર બધુંયે બદલાય છે.

ભેદ, ભરમ, સંતાપ, અથડામણ શંકા, કુશંકા.
ગુરુકૃપા પામ્યા પછી, તેનું મૂળ સમજાય છે.

બદલી ન શકાય કોઈને કશાથીયે વળી અહીં
જોઈ લે તું તારી જાતે બદલાય છે ?

રહે સતત સ્મરણ મન, મસ્તિકમાં જાગૃતપણે,
પ્રસન્નતા પછી જો કેવી અનુભવાય છે.

❑

### (૩) આચરણ વિનાનું વાંચન મિથ્યા

બધું જ્ઞાન, બધું વાંચન, બધો તર્ક ને અનુશાસન
જ્યાં સુધી ન પ્રગટે સત્ય ને તેવું તેનું આચરણ
કશાય ન કામનું, આ મિથ્યા છે સઘળું વાંચન

પછી ભાસે સઘળું, નાટકના અભિનય સમું કથન
જીવનહેતુ ભૂલી, મગ્ન આસક્તિમાં, તન ને મન

દિલ એકતાર બની, સમર્પી જો શકાય તેને ચરણ
ન રહે કશાની કોઈ ફિકર ને શાંતિ અનુભવે વલણ

ન રહે ઉદ્વેગ, ન કોઈ રાગ, ન કોઈ વિશેષ
નિમિત્તે મળેલાં જીવોના પ્રત્યે, ના કોઈ દ્વેષ.

કૃપા યાચી મદદ માંગી કરે જે એક પોકાર
પછી તેનો હાથ ઝાલી, કરાવે બેડો તે પાર

❑

## (૪) શ્રીમોટા સાથેનો ઋણાનુંબંધ

તાંતણે બાંધીને તમે રાખ્યો છે મોટા મને
કંઈક એવા ઋણાનુબંધ છે મોટા સાથે મને

પવન અનેકવાર ફૂંકાયો, વેરવિખેર કરવા બધું
તાંતણો મજબૂત બનાવી, ટકાવી રાખ્યો મને

નિમિત્ત ક્યારે ક્યાં કેમ જાગે તે બધી ગડમથલમાં
એક જ નિરાકાર રૂપે તમારું નામ છે દિલમાં મને

મતિમાં રહેલા કેટકેટલાય આવેગોના પૂરમાં
તણખલું ઝલાવી તરતો રાખ્યો તમે મને

હવે સ્વાર્થ કરતાંય વધુ પરમાર્થ કરવાના આદેશને
સાકાર કરવે સતત જાગૃ રાખશો તમો હવે મને

❑

## (૫) પૂજ્ય શ્રીમોટાની સહાય

મોટા સુઝાડે, મોટા જગાડે
મોટા મનને નીરવ બનાવે

સંજોગો ગમે તેવા સર્જાય ત્યારે
મોટા તેમાંથી સાચો રસ્તો બતાવે

જ્યાં પણ જઈએ, જે કંઈ કરીએ
મોટા, હેતુની સભાનતા રખાવે

ભેદ મિટાવે, ભાવ જગાડે
મોટા, પ્રેમરસથી અહમ્ મિટાવે

હ્દયની વાતને શબ્દોથી સમજાવે
મોટા મૌનાર્થીના આંતરચક્ષુ ખોલાવે

કદીએ ના ભુલીએ શરણે તમારા રહીએ
મોટા, તમારી જ લગની રહો અમ હૈયે.

❑

## (૬) નૈમિત્તિક સંબંધ

રસના તમે સરતાજ ને, રસ ના કદી રાખ્યો તમે,
ખિલવતા રસ અમારી અંદર, પ્રેમરસ પાયો તમે.

ક્યારે, ક્યાં, કેમ, શા સંબંધે કેવા મળ્યા મને તમે,
નિમિત્ત બનાવી, સંબંધ કરાવી, પછી ના છોડો તમે.

મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, અહમ્‌માં ડૂબેલા મને,
ખોલાવી આંખને સ્પષ્ટ કરી બતાવ્યા તમે.

સંસારના વિષયો ને અંધકાર ભાસતા સમયમાં,
સમર્થ શા હાજર રહીને ઉજાળ્યા અમને તમે.

❑

## (૭) શૂળીનો ઘા સોયથી પતાવે મોટા !

શૂળી સરખો ઘાવ
તમે સોય ભોંકી પતાવો છો
રોજેરોજ મને કેમ
તું આટલો જગાડે છે ?

નથી કોઈ લાયકાત કે
ગજું મારું સામે લડવામાં
સંભાળી લઈ બધો ભાર
તમો મને કાયમ બચાવો છો.

બેકદર છું, બેઈમાન પણ છું,
કાયદાના પિંજરામાં કેવો
તમો બાઇજ્જત બરી કરાવો છો.

ઉષ્મા વિહોણો ને વેરથી ભરેલો
બધાની વચ્ચે તોયે સૌથી પહેલો
તમો છાતી સરસો મને લગાડો છો !!! ❑

## (૧૨) હું પરિપૂર્તિ કરવા આવ્યો છું ઈસુ

'એમ ન માનશો કે હું ધર્મસંહિતાનો કે પયગંબરોનાં વચનોનો ઉચ્છેદ કરવા આવ્યો છું, હું ઉચ્છેદ કરવા નહિ પણ પરિપૂર્તિ કરવા આવ્યો છું. હું તમને ખાતરીથી કહું છું કે આકાશ અને પૃથ્વી ભલે લોપ પામે, પણ બધું પૂર્ણ થયા વગર, ધર્મસંહિતાના એક કાનામાતરનો પણ લોપ થવાનો નથી. એટલે જે કોઈ ધર્મસંહિતાની નાનામાં નાની આજ્ઞાનો પણ ભંગ કરશે અને લોકોને તેમ કરતાં શીખવશે તે ઈશ્વરના રાજ્યમાં ક્ષુદ્રમાં ક્ષુદ્ર ગણાશે. પણ જે કોઈ એ આજ્ઞાઓનું પાલન કરશે અને લોકોને તેમ કરતાં શીખવશે તે ઈશ્વરના રાજ્યમાં મહાન ગણાશે.

એટલે હું તમને કહું છું કે જ્યાં સુધી તમારું ધર્માચરણ શાસ્ત્રીઓના ધર્માચરણ કરતાં ચડિયાતું નહિ હોય ત્યાં સુધી તમે ઈશ્વરના રાજ્યમાં કોઈ પણ હિસાબે દાખલ થઈ શકવાના નથી.

તમે જાણો છો કે તમારા પૂર્વજોને એમ કહેવામાં આવ્યું હતું કે ખૂન કરીશ નહિ, જે ખૂન કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે, પણ હું તમને કહું છું કે જે કોઈ પોતાના ભાઈ ઉપર ગુસ્સો કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે. જે કોઈ પોતાના ભાઈને ગાળ દેશે તેણે વડી અદાલતમાં જવાબ દેવો પડશે. તેમ જે કોઈ પોતાના ભાઈનો તિરસ્કાર કરશે તેણે નરકના અગ્નિમાં પડવું પડશે.

એટલે ભગવાનને નૈવેદ્ય ધરાવતાં તને યાદ આવે કે તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો નૈવેદ્ય રહેવા દઈ પહેલાં તારા ભાઈ સાથે સમાધાન કરવા નીકળી પડજે અને સમાધાન કરી આવ્યા પછી નૈવેદ્ય ધરાવજે. તારા સામાવાળા સાથે તમે બન્ને અદાલતને રસ્તે હો ત્યાં જ વેળાસર સમાધાન કરી લે જે. વ્યભિચાર કરીશ નહિ એમ કહેલું છે તે તમે જાણો છો, પણ હું તમને કહું છું કે જે કોઈ માણસ કોઈ સ્ત્રી પ્રત્યે વાસના ભરી નજર નાખે છે તે મનથી તેની સાથે વ્યભિચાર કરી ચૂક્યો છે. એટલે જો તારી જમણી આંખ તને પાપમાં પ્રેરતી હોય તો તેને કાઢીને ફેંકી દે, કારણ તારો આખો દેહ નરકમાં પડે એના કરતાં તારું એક અંગ નાશ પામે એ બહેતર છે. એ જ પ્રમાણે તારો જમણો હાથ ફગાવી દે જે. તારો આખો દેહ નરકમાં પડે એના કરતાં તારું એક અંગ નાશ પામે એ બહેતર છે.

વળી, એમ કહેલું છે કે જે કોઈ પોતાની પત્નીને છૂટાછેડા આપે તેણે ફારગતી લખી આપવી, પણ હું તમને કહું છું કે બદચાલની વાત બાજુએ રાખતાં જે કોઈ પોતાની પત્નીને છૂટાછેડા આપે છે તે તેને વ્યભિચારી બનાવે છે અને જે કોઈ છૂટાછેડા પામેલી સ્ત્રી પરણે છે, તે પણ વ્યભિચાર કરે છે.

વળી, તમે જાણો છો કે તમારા પૂર્વજોને એમ કહેવામાં આવ્યું હતું કે સોગન તોડીશ નહિ. ઈશ્વર આગળ જે જે સોગન લીધેલા છે તે તો પાળવા જ પડે, પણ હું તમને કહું છું કે સોગન બિલકુલ ખાશો જ નહિ, આકાશના પણ નહિ, કારણ કે આકાશ ઈશ્વરનું સિંહાસન છે. પૃથ્વીના પણ નહિ, કારણ કે પૃથ્વી ઈશ્વરની પાદપીઠ છે,

યરુશાલેમના નહિ, કારણ કે એ રાજરાજેશ્વરની નગરી છે. તારા માથાના પણ નહિ, કારણ કે એક વાળ સુધ્ધાં કાળો કે ધોળો તમે કરી શકતા નથી. તમારે ફક્ત હા તો હા અને ના તો ના જ કહેવી.

આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત એમ કહેલું છે, તે તમે જાણો છો. એથી ઊલટું હું તમને કહું છું કે તમારું બૂરું કરનારનો સામનો કરશો નહિ. જો કોઈ તમારા જમણા ગાલ ઉપર તમાચો મારે તો તેની આગળ બીજો ગાલ ધરવો. જે કોઈ તારી પાસે માગે તેને આપજે અને જો કોઈ ઉછીનું લેવા આવે તો મોં ન ફેરવીશ.

તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ એમ કહેલું છે, એ તમે જાણો છો, પણ હું તમને કહું છું કે તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો, તો જ તમે તમારા પરમ પિતાના સાચા સંતાન થઈ શકશો. તે કેવો, ભલા અને ભૂંડા સૌને સૂર્યપ્રકાશ આપે છે. અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે.

તમારા ઉપર પ્રેમ રાખે તેમના ઉપર જ તમે પ્રેમ રાખો એમાં તમે બદલો મેળવવા જેવું શું કર્યું ? એવું તો જકાતદારો પણ ક્યાં નથી કરતા ? તમે ફક્ત તમારા સ્નેહીસંબંધીઓને જ વંદન કરો તો એમાં તમે વિશેષ શું કર્યું ? એટલું તો વિધર્મીઓ પણ ક્યાં નથી કરતા ? પણ તમારે તો તમારા પરમ પિતા જેવા પૂર્ણ છે તેવા જ પૂર્ણ બનવાનું છે.

હું તમને ચેતવું છું કે લોકોની નજરે ચડવા માટે તેમના દેખતાં ધર્મકાર્યો કરશો નહિ, નહિ તો તમારા પરમ પિતા તરફથી તમને બદલો નહિ મળે. એટલે જ્યારે તું કંઈ દાનધર્મ કરે ત્યારે દાંભિકો વાહવાહ મેળવવા માટે સભાગૃહોમાં અને શેરીઓમાં ઢોલ પીટે છે, તેવો તું પીટીશ નહિ. હું તમને ખાતરીથી કહું છું કે તેમને તેમનો બદલો ક્યારનો મળી ચૂક્યો હોય છે ! પણ જ્યારે તું દાનધર્મ કરવા બેસે ત્યારે તારો જમણો હાથ શું કરે છે એની જાણ તારા ડાબા હાથને થવા ન દઈશ. આમ તારાં દાનધર્મ ગુપ્ત રહેશે અને ગુપ્ત કર્મોને જાણનાર તારા પિતા તને બદલો આપશે.

વળી, તમે જ્યારે પ્રાર્થના કરો ત્યારે દાંભિકોની જેમ વર્તશો નહિ. એ લોકોને સભાગૃહોમાં કે શેરીઓને નાકે ઊભા રહીને પ્રાર્થના કરવી ગમે છે, કારણ કે તો જ બધા તેમને જોઈ શકે ! હું તમને ખાતરીથી કહું છું કે તેમને પણ તેમનો બદલો મળી ચૂક્યો હોય છે, પણ તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે ઓરડીમાં જઈને બારણાં વાસજે અને એકાંતમાં પણ વસનાર તારા પિતાની પ્રાર્થના કરજે. એકાંતની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે. વળી, પ્રાર્થના કરતી વખતે નિરર્થક લપલપાટ કરશો નહિ. લોકો એમ માને છે કે બહુ લપલપ કરવાથી ઈશ્વર તેમની વાત કાને ધરશે, પણ તમારા માગ્યા પહેલાં જ તમારા પિતાને ખબર છે કે તમારે શાની જરૂર છે.

'શુભસંદેશ', બી. આ., પૃ. ૧૨ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ —સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | કમળાબહેન ત્રિભોવનદાસ જોષી પરિવાર (પૂજ્ય શ્રીમોટાના ૮૦મા સાક્ષાત્કારદિન રામનવમી મહોત્સવના યજમાન તરફથી સહયોગ) | ચલથાણ (સુરત) | ૧૧,૧૧૧/- |
| ૨. | વિદ્યાબહેન બાલુભાઈ શાહ | અમેરિકા | ૫૦૦૦/- |
| ૩. | નરેન્દ્રભાઈ નગીનદાસ ખત્રી સ્વ. માતુશ્રી વાસંતીબહેનની પુણ્યતિથિ (ડિસે. ૨૦૦૧) | અમદાવાદ | ૨૫૦૧/- |
| ૪. | ચંદનબહેન નવીનચંદ્ર ઘડિયાળી (સ્વ. નવીનચંદ્ર હસમુખભાઈ ઘડિયાળીના સ્મરણાર્થે) | સુરત | ૨૫૦૦/- |
| ૫. | જગદીશભાઈ સી. મારફતિયા | મુંબઈ | ૨૫૦૦/- |
| ૬. | અતુલભાઈ પ્રહ્લાદભાઈ પટેલ અને વિષ્ણુભાઈ જયંતીભાઈ પટેલ સ્વ. હિરાબાની પુણ્યતિથિ (૨૯-૧) નિમિત્તે | નરોડા | ૨૦૦૦/- |
| ૭. | હર્ષદભાઈ નરોત્તમભાઈ પટેલ | સુરત | ૨૦૦૦/- |
| ૮. | જયંતીલાલ વિશ્વનાથ રાવલ (સુરત મુકામે તા.૧૮-૨-૧૮ના રોજ થયેલ જપયજ્ઞ નિમિત્તે) | અમદાવાદ | ૨૦૦૦/- |
| ૯. | ધર્મિષ્ઠાબહેન એસ. ડૉક્ટર | સુરત | ૧૦૦૧/- |
| ૧૦. | જૈનિકા પ્રતાપસિંહ મહિડા (ચિ. દિવ્યતાના જ.દિ. (૨૮-૨) નિમિત્તે | ભરૂચ | ૧૦૦૧/- |
| ૧૧. | રણજિતભાઈ ઈશ્વરલાલ પોષ્ટિવાલા | સુરત | ૧૦૦૧/- |
| ૧૨. | એક સેવક | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૧૩. | કાંતિલાલ પટેલ (સ્વ. કૈલાસબહેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે) | સુરત | ૧૦૦૦/- |
| ૧૪. | રણછોડભાઈ એચ. પંચાલ સ્વ. પુષ્પાબહેન રણછોડલાલ પંચાલની તૃતીય પુણ્યતિથિ (૨૮-૧-'૧૫) નિમિત્તે | નડિયાદ | ૧૦૦૦/- |
| ૧૫. | પદ્માબહેન બાલકૃષ્ણ દવે (સ્વ.બાલકૃષ્ણ જે. દવેની પુણ્યતિથિ (૭-૩) નિમિત્તે) | ઈસનપુર | ૫૦૧/- |
| ૧૬. | સંધ્યાબહેન બળવંતરાય જોષી | સુરત | ૫૦૧/- |
| ૧૭. | બાબુભાઈ બોડાવાલા | સુરત | ૫૦૦/- |
| ૧૮. | રક્ષાબહેન જી. દેસાઈ | સુરત | ૫૦૦/- |
| ૧૯. | કૌમુદીબહેન પંડ્યા (સ્વ.દૂષ્યંત પંડ્યાની પુણ્યતિથિ (૩૧-૧-૧૮) નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૨૦. | ભાર્ગવ પંડ્યા (સ્વ. દૂષ્યંત પંડ્યાની પુણ્યતિથિ (૩૧-૧-૧૮) નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૨૧. | અશ્વિનકુમાર વિનાયકરાય ભટ્ટ (એડવોકેટ) | અમદાવાદ | ૫૦૦/- |
| ૨૨. | વિરલકુમાર એમ. પટેલ | મુ. મીંઢી સુરત | ૫૦૦/- |
| ૨૩. | નિધિ રોનક પટેલ (દીકરી ચિ. ખુશીના જન્મ (તા.૨૨-૧૨-૧૭) નિમિત્તે | નરોડા | ૫૦૦/- |
| ૨૪. | મનહરભાઈ પટેલ | લવાછા | ૨૫૦/- |
| ૨૫. | મંદાબહેન એમ. તમાકુવાળા | સુરત | ૧૫૧/- |
| ૨૬. | નિકુંજબહેન ભાવસાર (સ્વ. પિતાશ્રી કાંતિલાલ હરગોવિંદદાસના દેહાંત (૧૧-૧-૧૮) નિમિત્તે | અમદાવાદ | ૧૦૧/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

**અમારા યૂકો બેંકના ખાતામાં સ્વજનો ઈ-બેંકિંગથી રકમ જમા કરાવે છે,**
**તેની માહિતી અમોને જણાવવા ખાસ વિનંતી છે. - સંપાદક**

# (૧૩) ભૂલ કો સમજો

**શ્રીરણછોડદાસજી મહારાજ**

ખાંસી કો કભી છોટી, મામૂલી નહીં સમઝના ચાહિયે. કફ કા પ્રકોપ હૈ, જો પ્રકટ રુપ મેં બાહર નિકલ આયા હૈ. ઈસકા અર્થ હૈ કિ શરીર મેં ત્રિદોષ કી ઊથલપૂથલ હો રહી હૈ ।

દેખો, સર્વ રોગોં કા મૂલ ખાંસી યાની કફ હૈ. સર્વ કલહ કા મૂલ સ્વાર્થ હૈ. સર્વ વિરોધ કા મૂલ અવિચાર, અવિવેક હૈ. સર્વ શત્રુતા કા મૂલ કટુવાણી ઔર વ્યંગ, હંસી હૈ. સર્વ સંપન્નતા કા મૂલ વિનમ્રતા હૈ. સર્વ સુખ કા મૂલ સહનશીલતા હૈ. સર્વ અવગુણોં કા મૂલ રાગદ્વેષ હૈ. સર્વ મિથ્યાભિમાન કા મૂલ દંભ હૈ. સર્વ પ્રિયતા કા મૂલ મીઠી નિગાહ, મીઠી વાણી હૈ. સર્વ પ્રસન્નતા કા મૂલ સમતા હૈ. સર્વ ઉદ્વેગ કા મૂલ મમતા હૈ. સર્વ દુઃખ કા મૂલ અહંતા હૈ. સર્વ અશાંતિ કા મૂલ દુર્વાસના હૈ.

પ્રેમી, કામી ઔર વ્યસની કે બાહ્ય લક્ષણ કી વિકલતા એક સી હોતી હૈ, પરંતુ કામી ઔર વ્યસની અધોગતિ કી તરફ જા રહે હૈ. જબ કી પ્રેમી ઊર્ધ્વગતિ કી તરફ જાતા હૈ. વહ સ્થૂલ વાસનાઓંસે વ ભોગોંસે ઉપર ઉઠતા જાતા હૈ. ઔર સૂક્ષ્મ મેં અનુરાગી હોતા હૈ. વહ સહનશીલ હોગા, પરંતુ કર્તવ્ય સે વિચલિત કદાપિ નહીં હોગા, ન કાયર હોગા. ન ભયભીત હોગા. વહ આત્મનિશ્વાસી રહેગા, પરંતુ અભિમાની કદાપિ નહીં હોગા. વહ ક્ષમાવંત રહેગા, પરંતુ અપને કો લાચાર કભી નહીં બનાયેગા. વહ સબસે સર્વથા નિસ્પૃહ, નીરસ, નિરાશ રહેગા, પરંતુ કિસી કો ભી દુઃખ, કષ્ટ કા નિમિત્ત કદાપિ નહીં બનેગા. વહ પક્કા ધીર, વીર, ગુણી વ ગુણજ્ઞ હોગા, પરંતુ સ્વચ્છંદ, અવિચારી વ કુકર્મી કદાપિ નહીં હોગા. વહ હમેશા ગૌરવપૂર્ણ, શાંત, ત્યાગ, ઉદારતાયુક્ત વ આપ્તકામ હોગા.

માનવ જીવન કી યર્થાથતા, સાત્ત્વિકતા મેં હૈ. જીવન કા સહી આનંદ સાત્ત્વિકતા મેં હૈ. ઈસલિયે વિચાર હમેશા ઉદાત્ત રખના. ખોટે, સંકુચિત વિચારોં કો અપને મન મેં કભી સ્થાન નહીં દેના યહ કોઈ ઐસી બાત નહીં હૈ કિ જિસ પર હમારા કોઈ વશ ન હો. અપના જીવન બનાના યા બિગાડના અપને હાથ મેં હૈ. જૈસા વિચાર રહેગા, વૈસા હી જીવન બનેગા.

વિચારોં કો કૌન બનાતા હૈ ? પૂર્વ જન્મોં કે સંસ્કાર તથા વર્તમાન કા સંગ વ વાતાવરણ. સંસ્કાર યાની સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્મૃતિ. ઉસી કે અનુકૂલ વિચાર. યદિ પુરુષાર્થ દ્વારા, જાગ્રત મનસે વિચારોં મેં સે શુભ અશુભ કો પૃથક્ નહીં કરે તો વહી પુરાની સ્મૃતિ પુષ્ટ હોતી હૈ. ઔર કઈ જન્મ ઉસી કે અનુકૂલ નિકલ જાતે હૈં. વિચારોં કે અનુકૂલ તો પરિણામ આતા હૈ, યહ ચોક્કસ બાત હૈ. વિચારો મેં ઈતના અમોઘ બલ હૈ. ઈતની સૂક્ષ્મ શક્તિ હૈ. ઈસલિયે સ્થૂલ પર ભી ઉસીકા પ્રભાવ પડતા હી હૈ.

અંતઃકરણ કી શુદ્ધિ સદ્‌વિચારોં સે હોતી હૈ. વ્યવહારશુદ્ધિ સદ્‌વિચારોં સે હોતી હૈ. સદ્‌વિચાર સે નિશ્ચિત હી સત્કર્મ હોતે હૈં. સત્કર્મ સે અશુભ પ્રારબ્ધ, સંચિત વ ક્રિયમાણ, તીનો હી નષ્ટ હોતે જાતે હૈં. અશુભ કર્મ કે હોને કા કારણ નિશ્ચિત હી બુરા વિચાર હૈ. બુરે, અશુભ વિચારોં સે નિંદનીય દૂષિત વ અશુભ પરિણામદાયી આચરણ

હોતા હૈ. તબ જીવન મેં ન તો સુખ આનંદ રહતા હૈ, ન તો શાંતિ, સ્થિરતા રહતી હૈ, ઔર ન તો જીવન મેં કોઈ આદર્શ અચ્છાપન રહતા હૈ.

ઈસ પ્રકાર, કુવિચારોં કે કારણ મનુષ્ય અપને હી હાથોં સે અપના મૂંહ કાલા કરતા હૈ. જીવન અંધકાર પૂર્ણ બનાતા હૈ. મનુષ્ય જીવન કા આનંદ વ સૌંદર્ય ઉત્તમ વિચાર મેં તથા ઉન્નત આચરણ મેં હી હૈ. કર્મગતિ ઈતની જટિલ હૈ કિ ભવરોગ ઈતના, દુઃસાધ્ય હૈ ઈસલિયે શુભ વિચાર રખના ઔર શુભ કર્મ કરના બુદ્ધિમાની હૈ. મન યદિ અશુભ વિચારોં કો અવલંબન ન દેવે તો સાત્ત્વિક હોને મેં દેર નહીં લગતી હૈ. દેવી સંપત્તિ પ્રાપ્ત કરને કો યહી પુરુષાર્થ અપેક્ષિત હૈ.

ભગવત્કૃપા ઉસી કો પ્રાપ્ત હોતી હૈ, જો પુરુષાર્થ દ્વારા સતત પ્રયત્નશીલ વ ક્રિયાવાન હૈ. માલા ફેરના, પૂજા, સ્વાધ્યાય, સેવા ઈત્યાદિ મન કી જાગૃતિ કે લિયે બાહ્ય ઉપકરણ હૈં. બાહ્ય મેં હી હમ સંતુષ્ટ બને રહેં ઔર સમઝતે રહેં કિ હમ ભગવત્કૃપા પ્રાપ્ત કરેંગે તો યહ ભૂલ હોગી. જબ તક કુવિચાર વ કુકર્મ કા ત્યાગ નહીં, તબ તક યે સબ દંભ હૈ. જબ તક દંભ હૈ, તબ તક ભગવાન હમ સે બહુત બહુત દૂર હૈ, યહ નિશ્ચિત માનના.

**મન જાનેહિં સબહિ બાત, જાનત હી અવગુણ કરૈં ।**
**કાહે કી કુશલાત હૈ, હાથ દીપ કૂએ પડૈં ॥**

બુદ્ધિ કા સહી ઉપયોગ કરના ચાહિયે. રાગ, દ્વેષ, ઈર્ષા, વૈમનસ્ય, લોલુપતા આદિ અશુભ તત્ત્વોં કો બુદ્ધિ કી સહાયતા સે નિઃશેષ કર દેના ચાહિયે. અશુભ સંસ્કારોં કો તોડને મેં તથા શુભ સંસ્કારોં કે બનાને મેં બુદ્ધિ કા ઉપયોગ કરને સે જીવન ઉન્નત બનતા હૈ ।

મન કો જબ અપને કુવિચારોં કો ભાન હોવેં અપને દોષોં કા ભાન હોવેં તબ સમઝના કિ અબ વાસ્તવ મેં પુણ્ય કા ઉદય હુઆ હૈ. પુણ્યોદય કે બિના સુખ કદાપિ નહીં. સુખાનુભૂતિ કબ ? જબ પાપ વૃત્તિ કા અત્યંત અભાવ હો યાની જબ મનુષ્ય કો કિસી ભી પ્રાણી કે લિયે પાપપૂર્ણ ભાવના નહીં હોતી હૈ.

હમારા યહ શરીર ક્ષણભંગુર હૈ, ઐસા સમઝતે હુએ સદા સર્વદા ઉસ અવિનાસી પ્રભુ કા સ્મરણ કરતે રહો. થોડે સે જીવન મેં દૂસરોં કો કષ્ટ, પીડા યા આઘાત દેના યહ કહાં કી બુદ્ધિમાની હૈ ? પુણ્ય કા હી પરિણામ સુખ શાંતિ હૈ, યહ કભી મત ભૂલો. એક ક્ષણ ભી વ્યર્થ નહીં જાને દેના. સંત વ ગુરુ કો સુનતે સમય તથા સ્મશાન મેં જો સદ્‌બુદ્ધિ, સદ્‌વૃત્તિ વ સદ્‌વિચાર ઉદિત રહતેં હૈં વે યદિ સતત બને રહે તો જન્મમરણ કે બંધન સે કૌન મુક્ત નહીં હોતા ?

સફલ માનવજીવન વહી હૈ જો દૂસરોં કો ભી શીતલતા દેવે, પ્રકાશ દેવે, આત્મશાંતિ દેવે.

'શ્રીસદ્‌ગુરુ દેવ કી સંનિધિમેં', ભાગ-૧, પ્ર. આ., પૃ. ૩૯૧ — કુ. કુમુદિની પજવાણી ❑

### શ્રીસદ્‌ગુરુનું સામીપ્ય

સદ્‌ગુરુની કને જવાનું મન થાય, પરંતુ એના કરતાં આપણા હૃદયમાં એને જીવતો કરવાની કળા સાધકે શીખવાની રહે છે. જે એને બહાર સ્થૂળ રીતમાં જુએ છે, તે સાચો સાધક નથી. એવો સાધક તો પોતાનો શક્કરવાર વાળી શકનાર નથી.

'જીવનપ્રવેશ', પાંચમી આ., પૃ. ૧૯ ❑

**સંસારમાં રહેવું અને ઈશ્વરની ઉપાસના કરવી, એ કામ સંસાર છોડીને મુક્ત અને સરળ જીવન ગાળવા કરતાં વધારે અઘરું છે.** ભારતની ચાર આશ્રમની આ ભૂમિકાઓ પાછળના સમયમાં બે ભૂમિકામાં સમાઈ ગઈ છે. એક ગૃહસ્થ જીવનની અને બીજી સંન્યાસીની. ગૃહસ્થાશ્રમી લગ્ન કરે છે અને નાગરિક તરીકેનાં પોતાનાં કર્તવ્યો બજાવે છે, સંન્યાસીનું કર્તવ્ય પોતાની સર્વશક્તિનો વિનિયોગ ધર્મનો ઉપદેશ અને ઈશ્વરની ઉપાસના કરવામાં સમાયું છે.

મહાનિર્વાણ તંત્રમાંથી થોડાક ફકરાઓ હું તમારી સમક્ષ વાંચીશ. મહાનિર્વાણ તંત્રમાં આ વિષયની ચર્ચા કરેલી છે. આ ફકરાઓ પરથી તમને જણાશે કે, માણસે ગૃહસ્થ તરીકે રહેવું અને પોતાનાં કર્તવ્યો કરવાં એ કેટલું મુશ્કેલ કામ છે.

**ગૃહસ્થ ઈશ્વરનો ભક્ત હોવો જોઈએ.** ઈશ્વર વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ તેના જીવનનું લક્ષ્ય હોવું જોઈએ. છતાં એણે સતત કાર્યશીલ રહેવું જોઈએ, પોતાનાં સર્વ કર્તવ્યો બજાવવાં જોઈએ અને **પોતાનાં કાર્યોનાં ફળ પરમાત્માને અર્પણ કરવાં જોઈએ.**

આ જગતમાં કાર્ય કરવું છતાં તેના ફળની ઈચ્છા ના રાખવી, અન્ય માણસને સહાય કરવી છતાં એ એને માટે કૃતજ્ઞ રહે એવો વિચાર ના સેવવો, કોઈ સારું કાર્ય કરવું છતાં એ સાથે એ કાર્યથી કીર્તિ કે નામના મળે છે કેમ, અથવા કશું કાંઈ મળે છે કે કેમ, એ વિશે નજર સરખી ના રાખવી, એ ભારે કઠણ છે. અત્યંત નામર્દ માણસની પણ જગત જો પ્રશંસા કરે તો એ બહાદુર બને છે, પણ પોતાના સાથી માનવોની સહાયની કશી અપેક્ષા રાખ્યા વિના સતત રીતે શુભ કાર્ય કર્યે જવું, એ માણસનો ઊંચામાં ઊંચો માર્ગ છે, ત્યાગ છે. **ગૃહસ્થનું કર્તવ્ય કમાવાનું છે, પણ આ કમાણીમાં અસત્ય, છેતરપિંડી કે લૂંટ ના થાય, તેનું એણે ધ્યાન રાખવું.** એણે પોતાનું જીવન દરિદ્રનારાયણની સેવામાં ગાળવાનું છે અને માતાપિતાને ઈશ્વરના પ્રત્યક્ષ પ્રતિનિધિ માનીને દરેક ગૃહસ્થીએ સર્વ રીતે સદાય તેમને રાજી રાખવાં જોઈએ. **માબાપના આનંદમાં ભગવાન રાજી રહે છે.** માબાપને કદી કડવું વેણ ના કહેનાર પુત્ર કે પુત્રી, સૌથી વધારે સારાં સંતાન ગણાય.

માબાપની હાજરીમાં બાળકોએ મશ્કરી ના કરવી. અધીરા ના બનવું. ગુસ્સો ના કરવો. મન ઉપર કાબૂ રાખવો. નમ્ર બનવું. માબાપની આમન્યા પાળવી. ગૃહસ્થે પોતાનાં વૃદ્ધ માબાપ, બાળકો, સ્ત્રી અને ગરીબને જમાડ્યાં પહેલાં જમવું તે પાપ છે.

ગૃહસ્થનું પોતાની પત્ની પ્રત્યેનું કર્તવ્ય પણ એવું જ છે. કોઈ પણ માણસે પોતાની પત્નીને ધમકાવવી ના જોઈએ. માતા સમાન ગણી તેનું ગૌરવ જાળવવું જોઈએ. સંકટ સમયે પણ પત્ની પ્રત્યે રોષ ના કરવો જોઈએ. પોતાની પત્ની સિવાય બીજી સ્ત્રીનો વિચાર સરખો કરવો એ ગૃહસ્થને માટે પાપરૂપ છે. પરસ્ત્રીનો માનસિક સ્પર્શ પણ માણસને ઘોર નરકમાં લઈ જાય છે. સ્ત્રીઓની સામે અયોગ્ય ભાષા કદી ના વાપરવી. તેની પાસે પોતાની ખોટી બડાઈ ના હાંકવી.

ગૃહસ્થે પોતાની સ્ત્રીને દ્રવ્ય, વસ્ત્ર, પ્રેમ, શ્રદ્ધા અને અમૃત જેવા મીઠા શબ્દોથી સદા પ્રસન્ન રાખવી. **જે ચારિત્ર્યવાન ગૃહસ્થ પ્રત્નીનો**

**પ્રેમ મેળવી શકે, તે ધર્મમાં સફળ થયો છે, એનામાં સર્વ ગુણ સમાયેલા છે એમ સમજવું.**

પુત્ર ચાર વરસનો થાય ત્યાં સુધી તેનું લાલન-પાલન કરવું. સોળ વરસ સુધી તેને ભણાવવો અને વીસમે વરસે તેને કોઈ પણ કામધંધામાં લગાડવો. એ ઉંમરે પિતાએ તેને પોતાના સમાન ગણવો. **પુત્રીને પણ પુત્ર સમાન ગણી ઉછેરવી,** તેને ખૂબ સંભાળપૂર્વક ભણાવવી અને પુત્રી લગ્ન કરે ત્યારે પિતાએ તેને ધન તથા ઘરેણાં આપવાં.

ગૃહસ્થનું કર્તવ્ય તેનાં ભાઈબહેનો પ્રત્યે પણ છે, એટલું જ નહિ, તેમનાં ગરીબ બાળકો પ્રત્યે પણ છે. બીજાં સગાંઓ અને નોકરો તરફ એનું કર્તવ્ય છે. તેવી જ રીતે ગામના લોકો તરફ, ગરીબો પ્રત્યે અને જે કોઈ મદદની આશા રાખે તે તમામ પ્રત્યે, ગૃહસ્થની ફરજ છે. પોતે સાધનસંપન્ન હોય છતાં ગૃહસ્થ પોતાનાં સગાંને અને ગરીબોને કશી મદદ ના કરે, તો તે પશુ છે, માનવી નથી. ગૃહસ્થે ખાવા પ્રત્યે, વસ્ત્રો પ્રત્યે અને શરીરની ટાપટીપ તરફ બહુ વળગણ ના રાખવું. **ગૃહસ્થનું હૃદય પવિત્ર, શરીર શુદ્ધ અને મન ચપળ તથા કાર્યરત હોવું જોઈએ.**

ગૃહસ્થે દુશ્મનનો સામનો વીરપુરુષની માફક કરવો જોઈએ. જો એ પોતાના દુશ્મનોની સામે વીર ના બને તો એ પોતાનું કર્તવ્ય ચૂક્યો ગણાય. અલબત્ત, મિત્રો અને સગાંઓ તરફ એણે સહૃદયી બનવું જોઈએ. ગૃહસ્થે દુષ્ટને માન ના આપવું જોઈએ. માનના અધિકારી માણસને જ માન આપવું જોઈએ. મિત્રો મેળવવા માટે જ્યાં ત્યાં ફાંફાં મારવાં એ યોગ્ય નથી. કોઈ સાથે મૈત્રી બાંધતાં પહેલાં તેનાં કાર્યો અને બીજા સાથેનો તેનો વહેવાર બરાબર તપાસી લેવાં જોઈએ. દરેક બાબત ઉપર બુદ્ધિપૂર્વક વિચાર કર્યા બાદ મિત્રતા બાંધવી જોઈએ.

જે મળે તેની પાસે પોતાનાં કામનાં વખાણ કર્યા કરશો નહિ. જ્યાં ત્યાં પોતાની બડાઈ ના હાંકવી. પોતાની ધનસંપત્તિ વિશે બહુ વાતો ના કરવી. કોઈએ કંઈ ખાનગી વાત કરી હોય તે ઉઘાડી ના પાડવી. માણસે પોતે ગરીબ છે એમ ના કહેવું, તેમ પૈસાદાર હોવાનો ડોળ ના કરવો. પોતાના અભિપ્રાયો વારંવાર બહાર ના પાડવા. વિચારપૂર્વક બંધાયેલા અભિપ્રાય એ પવિત્ર વસ્તુ છે, તેને આપણા હૃદયમાં સંઘરી રાખવો એ પણ કર્તવ્ય છે. આ બધી બાબતો કેવળ દુનિયાદારીનું ડહાપણ નથી, પણ દરેક ગૃહસ્થે આ પ્રમાણે વર્તવું તે સામાન્ય નીતિ છે.

ગૃહસ્થ એ સમાજજીવનનો પાયો-આધારસ્તંભ છે. નાનાં બાળકો, સ્ત્રીઓ, અશક્તો, વૃદ્ધો, બધાં તેને આધારે જીવે છે. તેથી તેની કેટલીક વિશિષ્ટ ફરજો છે. આ ફરજો બજાવવામાં એણે ગૌરવ અનુભવવું જોઈએ, એમ કરવામાં પોતે હલકો પડે છે એવું એને લાગવું ના જોઈએ. પોતાનાથી કંઈક હલકું કામ થઈ ગયું, અથવા ભૂલ થઈ, તો તેને વિશે ગૃહસ્થે જાહેરમાં વાતો કરવાની જરૂર નથી. આત્મનિંદા કરવાની કશી જરૂર નથી.

'સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા-સંચયન', પ્ર.આ., પૃ. ૧૦૫ ❑

**રામનવમી નિમિત્તે ભેટ**

**પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિન રામનવમી નિમિત્તે અજ્ઞાત રહેવા ઇચ્છતા એક સ્વજન તરફથી હરિવાણી ટ્રસ્ટને રૂ. ૬૩,૦૦૦/-નો સહયોગ અપાયો છે. તે બદલ અમો તેમના ઘણા ઘણા આભારી છીએ. - સંપાદક**



શ્રીઅક્કલકોટના સ્વામી

(અનુષ્ટુપ)

જે જે સર્વ તમારું હો, તમારી પાસ છો રહ્યું,
ધારણા જીવતી કિંતુ, તેમાં સદ્‌ગુરુની ધરો.
વાપરો તોય તે એનું, એમ ધારી જ વાપરો,
આપણું ના કશું તે છે, તે તે ઉછીનું સર્વ છે.

માલિકી હક્ક સંપૂર્ણ, જતો રૂહેવો જ જોઈશે,
સર્વસ્વ માત્ર માલિકી, શ્રીહરિ એકલાની છે.
રખેવાળ ગુરુ જેવો, બીજો કોઈ ન ક્યાંય છે,
શ્રીસદ્‌ગુરુની ભક્તિ છે, તેને છે તેમ જીવને.

શ્રીમોટા

'શ્રીસદ્‌ગુરુ' પ્ર. આ.

**HARIBHAV, MARCH - 2018**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



શ્રીદયાનંદતીર્થ
(શ્રીદાસાનુદાસ)

(અનુષ્ટુપ)

આપણે આપણી રીતે, સંસારે ચાલવાનું છે,
પ્રતિષ્ઠા, કીર્તિ, લક્ષ્મીમાં, વ્યવહારે જ લક્ષ છે,
પરોવાયેલ સંપૂર્ણ, કુટુંબ-પરિવારમાં,
શ્રીસદ્‌ગુરુ શું એવાને, શકે તારવી કેમ ત્યાં ?

કશું જો કરવું ના છે, તમારું બધું કોક તે
-આપશે કરી, તે મિથ્યા, માન્યતા સર્વ ધૂળ છે,
કિંતુ સદ્‌ગુરુની ભક્તિ, મન ને પ્રાણ, બુદ્ધિથી
-થયેલી જો હશે તો તો, છે પરિણામ આપથી.

શ્રીમોટા

'શ્રીસદ્‌ગુરુ', પ્ર. આ.

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com